સુવિચાર

કોઈની ટીકા કરીએ ત્યારે આપણી ઓછી અક્કલ કે અજ્ઞાનતાનું માપ ન નીકળી આવે તેની ખાસ તકેદારી રાખવી જોઈએ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



ભગવતીપરામાં અગાઉની માથાકુટમાં ધોકા-તલવાર ફટકારી યુવકનો પગ ભાંગી નાખ્યો P-4

Year-16, Issue-186 ■ DATE : 20-11-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ માટે બિલની મંજૂરીની કોઈ સમયમર્યાદા નક્કી ન કરી શકાયઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટની પાંચ જજની બંધારણીય બેન્ચ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મોકલેલા ૧૪ બંધારણીય પ્રશ્નો પર આજે સુનાવણી કરી રહી છે. આ પ્રશ્નો રાષ્ટ્રપતિ અને રાજ્યપાલોની વિવિધ બિલ પર નિર્ણય લેવાની સત્તા અને સમયમર્યાદા સાથે સંકળાયેલો છે. અગાઉ સુપ્રીમ કોર્ટે એક ચુકાદો આપતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોને પસાર કરવા મોકલેલા બિલ મુદ્દે ચોક્કસ સમયગાળામાં નિર્ણય લેવો પડશે. આ મુદ્દે રાષ્ટ્રપતિએ બંધારણીય મર્યાદાઓનું ઉલ્લંઘન થવાની ચિંતા વ્યક્ત કરી હતી, જેના સંદર્ભમાં આ પ્રશ્નો મોકલવામાં આવ્યા છે. જો કે, આ ચુકાદાને પલટાવતા સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી છે કે, રાષ્ટ્રપતિ કે રાજ્યપાલોએ તમામ રોકી રાખેલા બિલ પર સમયમર્યાદા નક્કી




કરવી ન્યાયસંગત નથી, પરંતુ તેમણે સંઘવાદની ભાવનાને મજબૂતાઈ આપવી જોઈએ, નહીં કે તેમાં અવરોધરૂપ બનવું જોઈએ. કોઈ પણ કોર્ટ આ રીતે સમયમર્યાદા નક્કી ના કરી શકે.

રાષ્ટ્રપતિના સંદર્ભ પર નિર્ણય સંભળાવતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, 'અનુચ્છેદ ૨૦૦ અને ૨૦૧ હેઠળ રાજ્યપાલ પાસે ફક્ત ત્રણ જ મૂળભૂત વિકલ્પો રહે છે બિલને મંજૂરી આપવી, નામંજૂર કરવું (રોકી રાખવું) અથવા રાષ્ટ્રપતિના વિચારણા માટે સુરક્ષિત રાખવું.' કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, પ્રથમ જોગવાઈને ચોથો વિકલ્પ ગણી શકાય નહીં. જો બે અર્થઘટન શક્ય હોય, તો તે અર્થઘટન સ્વીકારવું જોઈએ જે બંધારણીય સંસ્થાઓ વચ્ચે સંવાદ અને સહકારની ભાવનાને પ્રોત્સાહન આપે છે. સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી કે ભારતીય સંઘવાદની કોઈ પણ વ્યાખ્યા હેઠળ એ સ્વીકાર્ય નથી કે રાષ્ટ્રપતિ કે રાજ્યપાલો બિલને પરત મોકલ્યા વિના અનિશ્ચિત સમય માટે રોકી રાખે. તે માટે સમયમર્યાદા નક્કી ના કરી શકાય, પરંતુ રાષ્ટ્રપતિ-રાજ્યપાલો માટે બિલ સુરક્ષિત રાખવું એ પણ સંસ્થાકીય સંવાદનો જ એક ભાગ છે. આમ છતાં, પરંતુ બંધારણીય હોદ્દા પર બિરાજમાન વ્યક્તિઓએ તેમાં અવરોધ ઊભો કરવાના બદલે સંવાદ અને સહકારની ભાવનાને પ્રાધાન્ય આપવું જોઈએ.

# બિહારમાં ફરી નીતિશકુમારની તાજપોશી

### સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિંહા બન્યા નાયબ મુખ્યમંત્રીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમીત શાહ સહિત એનડીએના ટોચના નેતાઓ તથા અનેક રાજયના મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિ







**મુખ્ય સમાચાર, પટણા**

બિહારમાં વિધાનસભા ચૂંટણીના પગલે એનડીએ સરકાર ફરી એક વખત ભવ્ય વિજય સાથે સતામાં આવતા આજે નિતીશકુમારે ૧૦મી વખત રાજયના મુખ્યમંત્રીપદે શપથ લીધા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા સહિતના ટોચના એનડીએ નેતાઓની હાજરી વચ્ચે પટણાના ગાંધી મેદાનમાં દબદબાભર્યા સમારોહમાં નાયબ મુખ્યમંત્રી તરીકે સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિન્હાએ શપથ લીધા હતા.

આમ રાજયમાં અગાઉની ત્રીપુટી યથાવત રહી છે જયારે વધુ ૨૬ મંત્રીઓએ હોદા અને ગુપ્તતાના શપથ લીધા હતા જેમાં ભાજપના કવોટાના ૧૪, જનતાદળ યુ ના ૮ અને લોકજનતાંત્રીક પાર્ટીના ૨ અને કુશવાહા તથા હમ પાર્ટીના એક-એક મંત્રીઓએ શપથ લીધા હતા.

મંત્રીમંડળમાં એક માત્ર મુસ્લીમ ચહેરા તરીકે જનતાદળ યુના જમાખાનને ફરી મંત્રી બનાવાયા છે. રાજયમાં ૧૩ નવા ચહેરાઓને મંત્રીપદ મળ્યું છે. તેજપ્રતાપ યાદવને પરાજીત કરનાર મહુવાના ચુંટાયેલા ભાજપના ધારાસભ્ય સંજયસિંહ ફરી મંત્રી બન્યા છે અને સમગ્ર મંત્રીમંડળમાં બે મહિલા મંત્રીઓ રમા નિશાદ અને શ્રેયસી સિંહ મંત્રી બન્યા છે. રાજયપાલ આરીફ મહમદ ખાને શપથ લેવડાવ્યા હતા.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૫.૩૦/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૯/લીટર |
| CNG | રૂ. ૮૪.૧૭/કિલો |

| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૪,૭૪૦ | ₹૧,૬૫,૦૦૦ |
| | -૧૭૦ | -3000 |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૮.૬૮ | ₹૧૧૫.૭૪ |

# રાજયમાં ૬ નવી DEO કચેરીને લીલીઝંડી

### સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરામાં ગ્રામ્ય મળશે, અમદાવાદ શહેર, અંજાર-ભૂજમાં કચેરીનું વિભાજન

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેર, સુરત, રાજકોટ, ગાંધીનગર, વડોદરા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજનને મંજૂરી આપી છે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીને પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. તેમજ રાજકોટ, વડોદરા, ગાંધીનગર અને સુરતને શહેર અને ગ્રામ્ય એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. તેમજ કચ્છ જિલ્લાને બે ભાગમાં વિભાજન કરીને અંજાર પૂર્વ અને કચ્છ - ભુજમાં પશ્ચિમ DEO કચેરીને મંજૂરી આપવામાં આવી છે.

રાજ્યમાં ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં ખૂબ વધારો થયો છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મોટા શહેરોમાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્કૂલોની સંખ્યા વધી ગઈ હતી. જેના કારણે મોટા શહેરોમાં આવેલી વર્તમાન જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધી જતું હતું. વર્તમાન જિલ્લા





શિક્ષણાધિકારી કચેરીઓ પર કામનું ભારણ વધવાના કારણે ઘણી ફાઈલો પેન્ડિંગ રહેતી હતી. જેથી શાળા સંચાલક મંડળ દ્વારા શિક્ષણ વિભાગમાં જિલ્લા શિક્ષણાધિકારી કચેરીઓના વિભાજન માટે રજુઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને પગલે શિક્ષણ વિભાગ દ્વારા ૬ નવી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને મંજૂરી આપવામાં આવી છે.

કચ્છ સૌથી મોટો જિલ્લો હોવાથી એક જ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી હતી. જેથી શાળા સંચાલકોએ અને ધક્કા ખાવા પડી રહ્યા હતા. જેથી હવે કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીનું વિભાજન કરવામાં આવ્યું છે. અંજારમાં પૂર્વ DEO કચેરી અને કચ્છ-ભુજમાં પશ્ચિમ DEO કચેરીને મંજૂરી આપવામાં આવી છે. જેમાં પૂર્વ વિસ્તાર અંજારમાં ૨૫૮ શાળાઓને અને પશ્ચિમ વિસ્તાર કચ્છ-ભુજમાં ૩૨૯ સ્કૂલ રાખવામાં આવી છે. કચેરીનું વિભાજન થતા નવી કચેરીઓનું મહેકમ પણ મંજૂર કરવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરની કચેરીનું પણ પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગમાં વિભાજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ શહેર પૂર્વ કચેરીમાં ૧૨૪૨ સ્કૂલ અને અમદાવાદ શહેર પશ્ચિમ DEO કચેરીમાં ૬૫૦ સ્કૂલ રાખવામાં આવી છે. શાળા સંચાલકોની માંગ હતી કે પૂર્વ વિસ્તારમાં અલગ DEO કચેરી બનાવવામાં આવે. જેથી શાળાઓ સંચાલકોને દૂર સુધી જવું ન પડે. પરંતુ વસ્ત્રાપુરમાં આવેલા બહુમાળી ભવનમાં બી બ્લોકમાં શહેર પૂર્વ કચેરીને વૈકલ્પિક બેઠક વ્યવસ્થા આપવામાં આવશે.

## રાજયના માર્ગોની હાલતનો રિપોર્ટ સપ્તાહમાં સુપ્રત થશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગત સપ્તાહે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં તમામ પ્રભારી મંત્રીઓને પોતાના પ્રભારી જિલ્લામાં રાજ્યના માર્ગોની સ્થિતિ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સ્થળ સ્થિતિનો વિગતવાર અહેવાલ તૈયાર કરવા સૂચના આપી હતી.

નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ તમામ પ્રભારી મંત્રીઓને તેમના જિલ્લાઓમાં રોડની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે સૂચના આપી હતી.

તે અંગે થયેલી કામગીરીની સમીક્ષા આજની રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી હતી. તમામ પ્રભારી મંત્રીઓ



દ્વારા તેમના પ્રભારી વિસ્તારમાં સ્થળ ચકાસણી અને સમીક્ષા બેઠકો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

તેનો વિગતવાર અહેવાલ તા. ૩૦ નવેમ્બર સુધીમાં રજૂ કરવા મુખ્યમંત્રીએ સૂચના આપી છે. જે અનુસંધાને માર્ગોની સ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં સુપ્રત કરવામાં આવશે.

## ગુજરાતમાં તા.૨૬થી રાષ્ટ્રીય કક્ષાની ૧૧ દિવસની સરદાર પટેલ પદયાત્રા

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની બે વર્ષ સુધી ધામધૂમથી ઉજવણી કરવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયના ભાગરૂપે, ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો છે, જે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંદેશો આપશે. નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ આ સંદર્ભે વિગતો આપતા કહ્યું કે, સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે.

૧૧ દિવસની આ પદયાત્રા ૨૬મી નવેમ્બરથી ૫મી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. આ યાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સરદાર સાહેબે દેશને એક તાંતણે બાંધ્યો હતો, તે જ રીતે સૌને એકજૂટ થઈને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવા માટેની પ્રેરણા છે. આ ઐતિહાસિક યાત્રામાં દેશના વિવિધ રાજ્યો અને મોટાભાગના તમામ જિલ્લાઓમાંથી યુવાનો જોડાશે. યાત્રાના પ્રત્યેક દિવસે અંદાજે ૧૦ થી ૧૫ હજાર લોકો જોડાઈને સરદાર સાહેબના જીવનના આદર્શો અને સત્કાર્યોથી પ્રેરણા મેળવશે.

## નાણાંકીય ફ્રોડ રોકવા હવે બેંકો અને અન્ય નાણાંકીય સંસ્થાઓ ૧૬૦૦ નંબરથી શરૂ થતા ફોન પરથી જ કોલ કરી શકશે



**મુખ્ય સમાચાર, મુંબઇ**

નાણાંકીય ફ્રોડ તથા લોકોને પરેશાન કરતા માર્કેટીંગ કોલ્સ રોકવા માટે સરકાર એક પછી એક પ્રયાસો કરી જ રહી છે. ટેલીકોમ રેગ્યૂલેટર ટ્રાઈએ જાહેર કર્યું ચે કે ૧લી જાન્યુઆરીથી બેંકો, બીન સરકારી નાણાં સંસ્થાઓ, મ્યુચ્યુઅલ ફંડ જેવી સંસ્થાઓ તરફથી ગ્રાહકોને થતા ફોન ૧૬૦૦ નંબરથી જ શરૂ થશે.

ટ્રાઈએ સ્પષ્ટ કર્યું હતું કે, સરકારી-ખાનગી તથા વિદેશી બેંકોએ ૧લી જાન્યુઆરીથી આ નિયમનું પાલન કરવુ પડશે.ટેલીકોમ વિભાગ દ્વારા બેંક-નાણા સંસ્થાઓ માટે ૧૬૦૦ થી શરૂ થતા નંબરની ખાસ ફાળવણી કરી દેવામાં આવી છે.

૧૬૦૦ થી શરૂ થતાં નંબર પરથી ફોન આવે તો તે સાચા હોવાનો ગ્રાહકોને ભરોસો થશે. મ્યુચ્યૂઅલ ફંડો તથા એસેટ મેનેજમેન્ટ કંપનીઓને ૧૬૦૦ નંબર પરથી ફોનકોલની ગોઠવણ કરવા ૧૫ ફેબ્રુઆરીની મુદત આપવામાં આવી છે.

શેરબ્રોકર કંપનીઓને ૧૫ માર્ચની મુદત અપાઈ છે. નાની બેંકો માટે ૧ ફેબ્રુઆરી તથા સહકારી બેંકો નાની સંસ્થાઓને ૧ માર્ચની મહેતલ આપવામાં આવી છે.

## બેંગ્લોરમાં રિઝર્વ બેંકના અધિકારીઓની ઓળખ આપી બેંકના કેશવાનમાંથી ૭ કરોડની લુંટ

**મુખ્ય સમાચાર, બેંગ્લોર**

દેશના મહાનગરોમાં સ્થાન પામતા બેંગ્લોરમાં ધોળા દિવસે બેંકની કેશવાનમાંથી સાત કરોડની દિલધડક લુંટનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. રિઝર્વ બેંકના અધિકારીઓની ઓળખ આપીને પથીદ લુંટારુઓએ લુંટમાં અંજામ આપ્યો હતો.

બેંકોમાં રોકડ નાણાં પહોંચાડતી સીએમએસ ઈન્ફો સીસ્ટમની કેશવાન દક્ષિણ બેંગ્લોરના સતત ધમધમતા ફલાયઓવર પરથી પસાર થઈ રહી હતી ત્યારે મારૂતી વેનમાં આવેલા શખ્સે આંતરી હતી. આ વખતે પાછળથી ઈનોવા કાર પણ આવી ગઈ હતી.

કેશવાનમાં સવાર ચાલક, ગનમેન સહિત ચારને નીચે ઉતાર્યા હતા. રિઝર્વ બેંકના અધિકારીઓ





તરીકે ઓળખ આપી હતી. રિઝર્વ બેંકના નિયમોનો ભંગ કરાતા હોવાની ચેતવણી આપીને નિવેદન નોંધવા કહ્યુ હતું. કર્મચારીઓને ભરોસો બેસી ગયો હતો અને નિવેદન આપવા તૈયાર થઈ ગયા હતા.

લુંટારુઓએ કેશવાનને ત્રણ કિલોમીટર આગળના સ્થળે લઈ લેવાની સૂચના આપી હતી. ત્યાંથી નિવેદન આપવા પોલીસ સ્ટેશને આવવા કહ્યું હતું જયારે કેશવાનમાંથી રોકડ રિઝર્વ બેંકમાં લઈ જવી પડશે તેમ જણાવ્યું હતું. કર્મચારીઓને પોલીસ સ્ટેશન તરફ રવાના કરી દીધા હતા.

ત્યારબાદ કેશવાનમાં રહેલા એકમાત્ર ડ્રાયવરને લમણે બંદૂક રાખીને રોકડ રકમ સાથેના બોકસ લુંટી લીધા હતા. ચાલકની નજર સામે જ સાત કરોડની રોકડ લુંટીને લુંટારુઓ ફરાર થઈ ગયા હતા.

આ લુંટ કેસનો ભેદ ઉકેલવા તમામ એજન્સીઓને કામે લગાડવામાં આવી છે. પોલીસ કમિશ્નરે કહ્યું કે કેશવાન એજન્સીએ પણ બનાવ વિશે પોલીસને મોડેથી જાણ કરી હતી.

## રશિયાએ યુક્રેનના ટર્નોપિલ શહેર પર મિસાઈલ અને ડ્રોનથી કર્યો હુમલોઃ ૨૫થી વધુના મોત



**મુખ્ય સમાચાર, મોસ્કો**

રશિયાએ યુક્રેનના ટર્નોપિલ શહેરમાં મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતો. જેમાં ૪ બાળકો સહિત ૨૫ લોકોના મોત થયા છે. યુક્રેનના આંતરિક મંત્રાલયે જણાવ્યું કે, હુમલામાં ૧૨૫ લોકો ઘાયલ થયા છે, જેમાં ૧૫ બાળકો સામેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૨થી શરૂ થયેલા રશિયા-યુક્રેન યુદ્ધ બાદ આ પશ્ચિમી યુક્રેનમાં સૌથી ઘાતક હુમલામાંથી એક મનાય રહ્યો છે.

આ હુમલો રાત્રિના સમયે થયો, જેમાં ટર્નોપિલના બે નવ માળના એપાર્ટમેન્ટ બિલ્ડિંગ્સને નિશાન બનાવવામાં આવી. આંતરિક મંત્રી ઈગોર ક્લિમેંકોએ કહ્યું કે, ઈમરજન્સી ટીમ કાટમાળમાં ફસાયેલા લોકોને બચાવવાનું કામ કરી રહી છે. પ્રાથમિક રિપોર્ટમાં ઓછામાં ઓછા ૩૭ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ હતા, જેમાં ૧૨ બાળકો સામેલ હતા.

યુક્રેની વાયુસેનાના અનુસાર, રશિયાએ યુક્રેનના ઠેકાણાઓ પર ૪૭૬ સ્ટ્રાઈક અને ડિકોય ડ્રોન અને ૪૮ અલગ અલગ પ્રકારની મિસાઈલો છોડી. રાષ્ટ્રપ્રમુખ વોલોદીમીર ઝેલેન્સ્કી એ કહ્યું કે, સામાન્ય લોકો પર દરેક હુમલો એ બતાવે છે કે રશિયા પર યુદ્ધ રોકવાનું દબાણ કામ નથી કરી રહ્યું.

ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ તૂર્કિયેના રાષ્ટ્રપ્રમુખ રઝબ તૈય્યપ એર્દોગનને મળશે. તેમને ઉદ્દેશ્ય રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન પર આંતરરાષ્ટ્રીય દબાણ વધારવા અને શાંતિ સ્થાપવાનો છે. તેઓ તૂર્કિયેમાં શાંતિ સુનિશ્ચિત કરવાની રસ્તાઓ પર ચર્ચા કરશે.

યુક્રેનના અન્ય વિસ્તારોમાં પણ રશિયાના હુમલામાં ઓછામાં ઓછા ૫૦ લોકો ઘાયલ થયા. રોમાનિયા અને પોલેન્ડે પોતાના હવાઈ ક્ષેત્રની સુરક્ષા માટે ફાઈટર જેટ્સ તૈનાત કર્યા છે. રોમાનિયામાં બે યુરો ફાઈટર ટાઈફૂન અને બે -૧૬ વિમાનોએ ઉડાન ભરી. પોલેન્ડમાં એરપોર્ટ્સ રાત્રે બંધ કરી દેવાયા હતાં.

ખાર્કિવમાં રશિયાના ડ્રોન હુમલામાં ૪૬ લોકો ઘાયલ થયા, જેમાં બે યુવતીઓ સામેલ હતી. ડ્રોને અનેક મકાનો, એમ્બ્યુલન્સ સ્ટેશન, સ્કૂલ અને અન્ય નાગરિક બાંધકામોને નુકસાન પહોંચાડ્યું.

## યુધ્ધ વિરામ બાદ ઈઝરાયેલે ફરી એકવાર ગાઝાપટ્ટી પર કર્યો ભીષણ હુમલોઃ ૪૧ના મોત

**મુખ્ય સમાચાર, જેરૂસલેમ**

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા મહિને થયેલો યુદ્ધવિરામ હવે ખતરામાં મુકાઈ ગયો છે. ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં ભીષણ હવાઈ હુમલો કર્યો, જેમાં ૨૭ પેલેસ્ટિનિયનોના મોત થયા હતા. આ ઉપરાંત, ઈઝરાયેલે લેબનોનમાં પણ કરેલા અલગ-અલગ હવાઈ હુમલાઓમાં ૧૪ લોકો માર્યા ગયા છે, જેના કારણે સમગ્ર ક્ષેત્રમાં તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.

ઈઝરાયેલી સેનાએ બુધવારે હમાસ-નિયંત્રિત ગાઝા પટ્ટી પર હવાઈ હુમલા કર્યા હતા. હમાસના નાગરિક સુરક્ષા એજન્સીના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ગાઝા શહેરના ઉત્તરીય ભાગમાં ૧૨ લોકો અને દક્ષિણી ખાન યુનિસ ક્ષેત્રમાં ૧૦ લોકો સહિત કુલ ૨૭ લોકો માર્યા ગયા હતા.



ઈઝરાયેલી સેનાએ દાવો કર્યો છે કે આ હુમલો આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલી યુદ્ધવિરામ ભંગની કાર્યવાહીના જવાબમાં હતો. સેનાના જણાવ્યા મુજબ, આતંકવાદીઓએ દક્ષિણ ગાઝામાં કાર્યરત ઈઝરાયેલી સૈનિકો તરફ ગોળીબાર કર્યો હતો, જે યુદ્ધવિરામ કરારનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું. જવાબમાં, ગાઝા પટ્ટીમાં હમાસના આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા શરૂ કર્યા હતાં.

ઈઝરાયેલે લેબનોનમાં પણ પોતાના હુમલાઓ તેજ કરી દીધા છે. લેબનોનના ત્રીજા સૌથી મોટા શહેર સિડોનમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૩ લોકો માર્યા ગયા. ઈઝરાયેલી સેનાએ દાવો કર્યો કે તેણે સિડોન પાસેના એક પેલેસ્ટિનિયન શરણાર્થી શિબિરમાં ચાલી રહેલા હમાસના ટ્રેનિંગ કેમ્પને નિશાન બનાવ્યું હતું.

જોકે, હમાસે આ દાવાને નકારી કાઢતા કહ્યું કે એક ખુલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને નિશાન બનાવવામાં આવ્યું હતું, જ્યાં કોઈ સૈન્ય મથક નહોતું.અન્ય એક હવાઈ હુમલામાં ૧ વ્યક્તિનું મોત થયું અને ૧૧ લોકો ઘાયલ થયા.

ઈઝરાયેલી સેનાએ લેબનોનમાં પાંચ ચોકીઓ પર કબજો જમાવી રાખ્યો છે, જ્યાંથી તે અવારનવાર દક્ષિણ લેબનોનમાં ઈરાન-સમર્થિત હિઝબુલ્લાહ અને હમાસના સભ્યોને નિશાન બનાવતી રહે છે.

# જામનગર ગ્રામ્ય વિધાનસભા ૭૭ વિસ્તારમાં યુનિટી માર્ચ યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગના મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારીમંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાના અધ્યક્ષ સ્થાને ૭૭-જામનગર ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારમાં યુનિટી માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ધુતારપરથી ધૂડશીયા ગામ સુધી યોજાયેલ પગપાળા યાત્રામાં સહીતના મહાનુભાવો જોડાયા હતા.

કાર્યક્રમમાં પ્રભારીમંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલે દેશની સ્વતંત્રતાની લડતમાં મહત્વનો ફાળો આપ્યો અને અખંડ, સ્વતંત્ર ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. ભારત અને દુનિયાભરમાં તેઓ સરદારના નામથી સંબોધાય છે. તેમજ તેમના દૃઢ મનોબળને કારણે લોખંડી પુરુષ તરીકે પણ ઓળખાય છે. તેમણે ગુજરાતના ખેડા, બોરસદ અને બારડોલીના ખેડૂતોને સંગઠિત કરી, અંગ્રેજોના અત્યાચાર સામે સત્યાગ્રહો કર્યા. તેમની આ ભૂમિકાના લીધે તેમની ગણના ગુજરાતના પ્રભાવશાળી નેતાઓમાં થાય છે. દેશમાં આંતરિક સંઘર્ષ ન થાય તે માટે સરદાર પટેલે લોકોને એકજુથ કરી એકતા લાવવાનું કામ કર્યું હતું. ત્યારે સમગ્ર ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે એકતાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ખેડૂતોનું શોષણ ન થાય તે પ્રકારે દેશના ખેડૂતો માટે સરદાર પટેલે અનેક લડતો અને સત્યાગ્રહો કર્યા હતા.સરદાર વલ્લભભાઈ પટેલના વિરાટ વ્યક્તિત્વને શોભે તે પ્રકારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના નર્મદા જિલ્લામાં વિશ્વની સૌથી ઉંચી પ્રતિમાનું નિર્માણ કરાવ્યું છે. અને આજુબાજુમાં પણ પ્રવાસનના અનેક સ્થળોનો વિકાસ કર્યો છે. જે જોવા માટે વિશ્વભરમાંથી પ્રવાસીઓ આવે છે. સરદાર પટેલના આદર્શોને જનજન સુધી પહોંચાડવા માટે એકતાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લોકો પણ ઉત્સાહભેર સહભાગી થઇ રહ્યા છે. એક ભારત, અખંડ ભારતની અમુલ્ય ભેંટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સંકલ્પ છે કે વિકસિત ભારતના સંકલ્પમાં સૌ એકતા દાખવી સમરસથી દેશની વિકાસયાત્રાને આગળ ધપાવીએ. સરદાર પટેલના પ્રયાસોના પરિણામે દેશમાં વિવિધતામાં એકતા જળવાઈ રહી છે. તેઓના આ અમુલ્ય યોગદાનને જીવંત રાખવા માં નર્મદાના કિનારે વિશ્વની સૌથી ઉંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજની યુવા પેઢીએ સરદાર પટેલના કાર્યો માંથી પ્રેરણા લેવી જોઈએ. સરદાર પટેલે પોતાનું સમગ્ર જીવન દેશને સમર્પિત કર્યું હતું. વિકસિત ભારતના નિર્માણ માટે સ્વદેશી ચીજ વસ્તુઓ અપનાવવા પણ સાંસદશ્રીએ અપીલ કરી હતી.

યુનિટી માર્ચ દરમિયાન ધુતારપર, ધૂડશિયા તથા આજુબાજુના ગામના લોકો પદયાત્રામાં સહભાગી થયા હતા. યાત્રા દરમિયાન મહાનુભાવોએ સરદાર પટેલ તથા ડો બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સમગ્ર યાત્રા દરમિયાન દેશભક્તિના ગીતો અને સરદાર પટેલના જીવન પર આધારિત ગીતોના પરિણામે વાતાવરણ દેશભક્તિમય બન્યું હતું. એકતા યાત્રામાં પોસ્ટર તેમજ તિરંગા લહેરાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ રાસમંડળીઓ દ્વારા ગરબાઓ અને રાસ રજુ કરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ વિભાગના સ્ટોલનું પ્રદર્શન રજુ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તથા સ્ટોલ પ્રદર્શનની મુલાકાત લેવામાં આવી હતી.કાર્યક્રમમાં પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં કલેકટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અંકિત પન્નુ, અગ્રણી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, અગ્રણીઓ કુમારપાલસિંહ રાણા, મહેન્દ્રસિંહ જાડેજા, અભિષેકભાઈ પટવા, કાનજીભાઈ પરમાર, સરપંચઓ, આગેવાનો, અધિકારીઓ, શાળાના વિદ્યાર્થીઓ, તેમજ વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ગ્રામ્ય પ્રાંત અધિકારી બ્રિજેશ કાલરીયાએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તથા હરીદેવ ગઢવી દ્વારા સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

# મોરબી મનપાની દ્વારા પીએમવાય (શહેરી) અંતર્ગત બીએલસી કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ હેઠળ બીએસઇ ઘટક માટે ત્રણ દિવસીય કેમ્પ-મેળાનું આયોજન કર્યું છે, જેમાં ઓછી આવક ધરાવતા લાભાર્થીઓને નવા આવાસ બાંધકામ માટેની સહાય મેળવવા નોંધણી કરવાની તક મળશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ ના બીએલસી (બેનીફિશીયરી લેડ કન્સ્ટ્રક્શન) ઘટક અંતર્ગત વિશાળ કેમ્પ-મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ખાસ કરીને તેવા લાભાર્થીઓ માટે છે જેમની આવક રૂ. ૩ લાખથી ઓછી છે અને જે ખુલ્લા પ્લોટ પર કે કાચું, અર્ધકાચું અથવા જર્જરિત મકાન તોડી સરકાર દ્વારા નક્કી કરાયેલા ધોરણો અનુસાર નવા મકાનનું બાંધકામ કરવા માંગે છે.




લાભાર્થીઓ આ કેમ્પમાં પીએમવાય ૨.૦ માટેની ડીમાન્ડ સર્વે નોંધણી સરળતાથી કરી શકશે. આ યોજનામાં નવા મકાનના બાંધકામ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને કુલ રૂ.૪ લાખની સહાય ૪ હપ્તામાં આપશે. ત્યારે મોરબી મહાનગરપાલિકાએ શહેરના તમામ પાત્ર લાભાર્થીઓને આ કેમ્પનો લાભ લેવા અનુરોધ કર્યો છે. કેમ્પની જગ્યાઓ અને સમય મુજબ ૧)ક્લસ્ટર-૧ કચેરી(જૂની નાની વાવડી ગ્રામ પંચાયત ઓફિસ) તા.૨૦/૧૧ ને ગુરુવારે સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી ૨)ક્લસ્ટર-૨ કચેરી (જૂની અમરેલી ગ્રામ પંચાયત ઓફિસ) તા. ૨૧/૧૧ શુક્રવારે સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી તથા ૩)ક્લસ્ટર-૩ કચેરી(જૂની મહેન્દ્રનગર ગ્રામ પંચાયત ઓફિસ) તા. ૨૨/૧૧ ને શનિવારે સવારે ૧૦.૩૦ થી સાંજે ૫ વાગ્યા સુધી રહેશે. આ યોજનાનો હેતુ શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને મકાન માલિકીનું સ્વપન સાકાર કરવા માટે જરૂરી સહાય અને માર્ગદર્શન પૂરૂં કરવાનું છે. મોરબી મહાનગરપાલિકા દ્વારા જણાવાયું છે કે પાત્ર નાગરિકોએ આ કેમ્પ-મેળામાં જરૂર હાજરી આપી યોજના હેઠળ મળતી સહાયનો લાભ લેવો.

# પ્રતાપગઢ ગામે થયેલ હત્યાના આરોપીને આજીવન કેદ: મોરબી સેસન્સ કોર્ટનો ચુકાદો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના પ્રતાપગઢ ગામે વર્ષ ૨૦૨૦માં કૌટુંબિક ભાઈની પત્નીને રિસામણે તેડવા આવેલા યુવકની કુહાડીના ઘા મારી હત્યા કરનાર આરોપીને મોરબી સેસન્સ કોર્ટ દ્વારા કલમ ૩૦૨ મુજબ આજીવન કેદ અને દંડની સજા ફરમાવવામાં આવી છે.



હળવદ તાલુકાના પ્રતાપગઢ ગામે વર્ષ ૨૦૨૦માં બનેલા હત્યાના કેસમાં કોર્ટ દ્વારા કડક ચુકાદો આપતા આરોપીને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. કેસની ટુક વિગત મુજબ, તા. ૧૩ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ રમેશભાઈ વાઘેલા પોતાના કુટુંબી કાકા મુન્નાભાઈ સાથે પ્રતાપગઢ ગામે તેમની રિસામણે ગયેલી પત્નીને તેડવા પહોંચ્યા હતા. ત્યાં સમાધાનની વાતચીત ચાલી રહી હતી, તે દરમિયાન આરોપી વિક્રમભાઈ વાઘજીભાઈ બારાણીયા અચાનક ઉશ્કેરાઈ ગયા અને પાછળથી હાથમાં કુહાડી લઈ આવી રમેશભાઈ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો. કુહાડીનો એક જ ઘા લાગતા રમેશભાઈનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. આ હત્યાના બનાવ અંગે મૃતક રમેશભાઈના પુત્ર ખોડાભાઈ વાઘેલાએ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી અને આરોપીની અટક કરી હતી.

હત્યાનો આ કેસ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીક્ટ જજ પી.વી. શ્રીવાસ્તવ સાહેબની કોર્ટમાં ચાલી જતા-દસ્તાવેજી પુરાવા, મૌખિક સાક્ષીઓ અને સરકારી વકીલ વિજયભાઈ જાની દ્વારા રજૂ કરાયેલ કાયદાકીય દલીલોને ધ્યાને લેતા કોર્ટે આરોપી વિક્રમભાઈ વાઘજીભાઈ બારાણીયાને હત્યાના ગુનામાં દોષિત ઠરાવ્યો હતો. કોર્ટએ આરોપીને આજીવન કેદની સજા સાથે રૂ. ૨૦,૦૦૦/- નો દંડ ભરવાનો આદેશ આપ્યો છે. જો દંડ નહીં ભરે તો આરોપીને વધુ બે વર્ષની સાદી કેદ ભોગવવાનો હુકમ પણ કર્યો છે.

# મોરબી ABVP દ્વારા બહેનોને આત્મરક્ષણ અને સાયબર ક્રાઈમ અંગે તાલીમ અપાઈ



**મુખ્ય સમાચાર, મોરબી**

રાણી લક્ષ્મીબાઈની જન્મજયંતિના અવસરે ABVP મોરબી દ્વારા કન્યા છાત્રાલય કેમ્પસમાં બહેનોને સેલ્ફ ડિફેન્સ અને સાયબર ક્રાઈમ અંગે જાગૃતિ તથા તાલીમ આપવામાં આવી, જેમાં પીઆઇ લગધિરકા મેડમ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

મોરબી ખાતે દ્વારા આજે રાણી લક્ષ્મીબાઈની જન્મજયંતિ નિમિત્તે બહેનોના સશક્તિકરણ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કન્યા છાત્રાલય કેમ્પસમાં યોજાયેલા આ કાર્યક્રમમાં યુવતીઓને આત્મરક્ષણ તેમજ વધતા જતા સાયબર ક્રાઈમ અંગે જરૂરી જ્ઞાન, તકેદારી અને વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર લગધિરકા મેડમ ઉપસ્થિત રહ્યા હતાં અને તેમણે યુવતીઓને પોતાનું રક્ષણ કેવી રીતે કરવું, મુશ્કેલીના સંજોગોમાં કઈ રીતે પ્રતિક્રિયા આપવી, તેમજ સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટ પર વધતા જોખમોથી સુરક્ષિત રહેવા માટે કયા પગલા લેવા તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

# મોરબીમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા માર્ગ સલામતી અંગે જાગૃતિ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના વઘાસીયા ટોલ પ્લાઝા ખાતે આયોજિત કાર્યક્રમમાં વઘાસીયા, ઢુવા અને જાંબુડીયા ગામની સરકારી શાળાની ૧૯ વિદ્યાર્થીઓને સાયકલ વિતરણ કરાઈ.

મોરબી જીલ્લામાં ગત ૧૮ નવેમ્બરના રોજ એન..એચ.એ.આઈ. દ્વારા વઘાસિયા ટોલ પ્લાઝા ખાતે સીએસઆર પહેલ હેઠળ શૈક્ષણિક રીતે પ્રગતિશીલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા સાથે માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત વઘાસિયા, ઢુવા અને જાંબુડિયા ગામની સરકારી શાળાની વિદ્યાર્થીનીઓને કુલ ૧૯ સાયકલ વિતરણ કરવામાં આવી હતી અને શાળા બાળકોને માર્ગ સલામતી તથા સુરક્ષિત મુસાફરી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા પ્રોજેક્ટ ડાયરેક્ટર અજયકુમાર સ્વામી, વાંકાનેર નાયબ પોલીસ અધિક્ષક સમીર સારડા, સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી રોહિત પ્રજાપતિ સહિતના અધિકારીઓ અને બાળકો હાજર રહ્યા હતા.

# યંગ ઈન્ડિયા ગ્રુપે વૃદ્ધાશ્રમના વડીલો માટે લાલો ફિલ્મના વિશેષ શોનું આયોજન કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબીના યંગ ઇન્ડિયા ગ્રુપે વૃદ્ધાશ્રમના વડીલો માટે સ્કાય મલ્ટીપ્લેક્ષમાં લાલો ફિલ્મનો વિશેષ શો યોજ્યો હતો, જેમાં વડીલો ભક્તિભાવથી ઝૂમી ઉઠ્યા અને રાજા રણછોડના ગીત પર ગરબે પણ ઘૂમ્યા હતા.

સમાજથી થોડા દૂર થઈ ગયેલા વડીલોને સમાજની મુખ્ય પ્રવૃત્તિઓ અને આનંદથી જોડવા માટે સતત પ્રયત્નશીલ યંગ ઇન્ડિયા ગ્રુપે આજે મોરબીમાં ભાવનાત્મક અને ધાર્મિક સ્પર્શ ધરાવતા અનોખા કાર્યક્રમનું આયોજન કર્યું. જેમાં શોભેશ્વર રોડ ઉપર આવેલા વૃદ્ધાશ્રમના આશરે ૪૦ જેટલા વડીલોને સ્કાય મલ્ટીપ્લેક્ષમાં હાલમાં જ પ્રખ્યાત થયેલી ગુજરાતી ફિલ્મ લાલો બતાવવામાં આવી હતી. વડીલોએ આ ધાર્મિક ફિલ્મ ખૂબ ઉત્સાહ અને આનંદ સાથે નિહાળી હતી. ફિલ્મ પૂરી થયા બાદ તેઓ ભક્તિરસમાં તન્મય થઈ રાજા રણછોડના ગીત ઉપર સિનેમા હોલમાં જ ઝૂમી ઉઠ્યા હતા. આ ક્ષણોએ સમગ્ર માહોલને ભક્તિમય અને ભાવમય બનાવી દીધો હતો. વડીલોના આરામ અને ખુશી માટે યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ અંગે ગ્રુપના મેન્ટોર ડો. દેવેનભાઈ રબારીએ જણાવ્યું હતું કે લાલો ફિલ્મે સમગ્ર ગુજરાતમાં આત્મિક અને ધાર્મિક અસર પેદા કરી છે. આવી મૂવી ભાગ્યે જ બને છે જે દરેક વયના લોકોને પ્રેરણા આપે છે. વૃદ્ધાશ્રમના વડીલો પણ આ આનંદથી વંચિત ન રહે, તે માટે તેમના માટે વિશેષ શોનું આયોજન કર્યું હતું. ફિલ્મ પૂર્ણ થયા બાદ વડીલોના ચહેરા પર પ્રસન્નતા છલકાઈ રહી હતી અને રાજા રણછોડના ભજન પર તેમની ઉંમરને ભૂલી તેઓ ભક્તિમય ગરબે ઝૂમી ઉઠ્યા હતા.

# મોરબી જીલ્લામાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત વ્યાપક કેમ્પોનું આયોજન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાના અનેક ગામો અને ઔદ્યોગિક વિસ્તારોમાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત ૧૯ થી ૨૮ નવેમ્બર દરમિયાન વિવિધ સ્થળોએ ખાસ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જીલ્લા ચૂંટણી અધિકારીએ વધુમાં વધુ નાગરિકોને નામ નોંધણી, સુધારણા અને વેરીફિકેશન માટે હાજરી આપવા અનુરોધ કર્યો છે.

મોરબી જીલ્લામાં મતદારજાગૃતિ અને વધુ સચોટ મતદારયાદી તૈયાર થાય તે હેતુસર મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ ચાલી અંતર્ગત. જીલ્લા ચૂંટણી અધિકારીએ જાણકારી આપતા જણાવ્યુ કે દરેક પાત્ર નાગરિકે પોતાનું નામ મતદારયાદીમાં નોંધાવવું અથવા તેમાં જરૂરી સુધારણા કરાવવું અત્યંત મહત્વનું છે. આ હેતુસર જીલ્લા સ્તરે ગામો અને ઔદ્યોગિક એકમોમાં ખાસ કેમ્પો ગોઠવવામાં આવ્યા છે.

આ કેમ્પોની તારીખો અને સ્થળો મુજબના આયોજનમાં તિર્થંક પેપર મિલ પ્રા.લી. લીલાપર (મોરબી) તા. ૧૯/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૫, સિમેરો ઈન્ટરનેશનલ LLP નીચી માંડલ (મોરબી) તા. ૨૦/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧, પાર્થ પેપર LLP લીલાપર (મોરબી) તા. ૨૧/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧, જિલટોપ ગ્રેનાઈટો પ્રા.લી. ઘૂંટૂ રોડ તા. ૨૨/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧, સિલ્વેનીયા સિરામિક પ્રા.લી. ઘૂંટૂ તા. ૨૩/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧, ગોકુલ સ્નેક્સ પ્રા.લી. ભલગામ (વાંકાનેર) તા. ૨૪/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧ ઈટાલિનો ટાઈલ્સ સરતાનપર રોડ (વાંકાનેર) તા. ૨૫/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧, નેક્સ્યોન સરફેસ પ્રા.લી. ઘૂંટૂ તા. ૨૬/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧, પ્લેટીનમ સિરામિક પ્રા.લી., જેતપર રોડ (મોરબી) તા. ૨૭/૧૧/૨૦૨૫ ૧૧:૩૦ થી ૧, કોરીયલ સિરામિક પ્રા.લી. બેલા (મોરબી) તા. ૨૮/૧૧/૨૦૨૫ ૧૧૩૦ થી ૧૦૦ આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોના કેમ્પોમાં સાર્વજનીક પ્રાથમિક શાળા (મોરબી) તા. ૧૯/૧૧/૨૦૨૫ સાંજે ૪ વાગ્યે, માળિયા તા. ૨૦/૧૧/૨૦૨૫ સવારે ૯૩૦થી બપોરે ૧૨ સુધી, ભડિયાદ પ્રાથમિક શાળા (મોરબી) તા. ૨૧/૧૧/૨૦૨૫ સવારે ૯:૩૦, ઈન્દીરાનગર (મોરબી) તા. ૨૧/૧૧/૨૦૨૫ સાંજે ૪, નીચી માંડલ તા. ૨૦/૧૧/૨૦૨૫ ૧૧ થી ૧, ટંકારા તા. ૨૧/૧૧/૨૦૨૫ ૧૧ થી ૧, ગ્રામ પંચાયત બગસરા તા. ૧૯/૧૧/૨૦૨૫ ૧૧ થી ૧, રામદેવપીર મંદિર, જાજાસર તા. ૨૦/૧૧/૨૦૨૫ ૧૧ થી ૧. જીલ્લા ચૂંટણી અધિકારીએ તમામ પાત્ર નાગરિકોને આ સુધારણા કાર્યક્રમનો સંપૂર્ણ લાભ લેવા માટે કેમ્પોમાં જરૂર હાજર રહેવા અનુરોધ કર્યો છે,

# વાંકાનેર અને મીતાણા ગામે અપમૃત્યુના બે બનાવ નોંધાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં વાંકાનેર તથા ટંકારા તાલુકામાં બે જુદા જુદા અપમૃત્યુના બનાવો સામે આવ્યાં છે. જેમાં વાંકાનેરમાં નિવૃત આર્મીમેનનું હાર્ટ એટેકને કારણે જ્યારે બીજા બનાવમાં ઝેરી દવા પી સગીરાનું મોત થયું હોવાનું પોલીસ વિગતોમાં જાણવા મળ્યું છે.

પ્રથમ અપમૃત્યુના બનાવમાં, ભાટીયા સોસાયટી શીવ મંડપવાળી શેરી વાંકાનેરમાં રહેતા અશોકભાઈ ઉમીયાશંકરભાઈ ત્રીવેદી ઉવ.૬૭ નામના નિવૃત આર્મીમેન ગઈકાલ તા.૧૯/૧૧ ના રોજ પોતાના ઘરે હોય ત્યારે તેઓને અચાનક હાર્ટ એટેક આવતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું.

જ્યારે બીજા બનાવમાં ટંકારા તાલુકાના મીતાણા-વાલાસણ રોડ મીતાણા ગામે રહેતા તેજલબેન શીવાભાઈ સાડમિયા ઉવ.૧૭ નામની સગીરાએ તા.૧૮/૧૧ના રોજ કોઈ કારણસર ઉંદર મારવાની દવા પી લીધી હતી. જેથી તુરંત પરિવારજનો તેણીને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેજલબેનનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ ટંકારા પોલીસે અ. મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગર ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ અને એમ.પી. શાહ મેડિકલ કોલેજ ખાતે 'ગો બ્લૂ'ની થીમ પર AMR જાગૃતિ સપ્તાહની ઉજવણી

**મુખ્ય સમાચાર, જામનગર**

એન્ટિમાઈક્રોબીયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે જેને અનુસંધાને ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ અને એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ જામનગર ખાતે પણ એન્ટિબાયોટિક દવાઓનો અતિરેક કે ખોટો ઉપયોગ, દવા સમય પહેલા બંધ કરી દેવી, સ્વચ્છતાનો અભાવ, અને ડોક્ટરની સલાહ વગર દવાઓ ન લેવા અંગે માર્ગદર્શન આપી જાગૃતિ ફેલાવવાના હેતુસર તા.૧૮મી નવેમ્બરથી 'ગો બ્લૂ' થીમ સાથે આ સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે.



તા.૧૮-૧૧-૨૦૨૫ના રોજ ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલમાં દરેક સ્ટાફ દ્વારા 'બ્લૂ' કલરનો ડ્રેસ પહેરી 'ગો બ્લૂ' થીમ સાથે દીપ પ્રાગટ્ય કરીને સપ્તાહની શરૂઆત કરવામાં આવી હતી, જેનું ઉદઘાટન ડીન ડો. નંદીની દેસાઈ અને તબીબી અધિક્ષક ડો. દીપક તિવારીના હસ્તે થયું હતું. આ પ્રસંગે માઈક્રોબાયોલોજી વિભાગના વડા ડો. હિતેષ શિંગાળા, ફાર્મેકોલોજી વિભાગના વડા ડો.હિરેન ત્રિવેદી તથા વિવિધ કલીનીકલ વિભાગના તજજ્ઞો, મયુરી સમાણી, એ.એચ.એ, લાલજી વાઘેલા,નર્સિંગ અધિક્ષક, તથા હોસ્પિટલનો સ્ટાફ હાજર રહ્યો હતો. ૧૮મીએ માઈક્રોબાયોલોજી વિભાગના વડાના માર્ગદર્શન હેઠળ વર્કશોપનું આયોજન થયું, જેમાં તજજ્ઞો અને સ્ટાફ દ્વારા પ્રેઝન્ટેશન, રોલપ્લે, અને ઈ-પોસ્ટર સ્પર્ધા દ્વારા AMR બાબતે જાગૃતિ ફેલાવવામાં આવી.ત્યારબાદ, તા. ૧૯-૧૧-૨૦૨૫ના રોજ યુ.જી. તથા પી.જી.ના વિદ્યાર્થીઓ અને નર્સિંગ સ્ટાફ માટે ફાર્મેકોલોજી વિભાગ દ્વારા ક્વિઝ કોમ્પિટિશન, સ્લોગન કોમ્પિટિશન અને શોર્ટ આર્ટીકલ રાઈટીંગ સ્પર્ધા યોજાશે. તા. ૨૦-૧૧-૨૦૨૫ના રોજ ફાર્મેકોલોજી વિભાગ દ્વારા OPD અને વોર્ડમાં પ્રીસ્ક્રિપ્શન ઓડિટ અને પ્રી-ઓથોરાઈઝેશન ઓડિટ કરવામાં આવશે, જ્યારે તા. ૨૧-૧૧-૨૦૨૫ના રોજ માઈક્રોબાયોલોજી વિભાગના તજજ્ઞો દ્વારા ICU તથા વિવિધ ક્રિટીકલ એરિયાનું ઈન્ફેક્શન પ્રિવેન્શન અને કન્ટ્રોલ ઓડિટ આયોજિત કરાશે. તા.૨૨-૧૧-૨૦૨૫ના રોજ દરેક વિભાગમાંથી AMR અને IPC સંબંધિત સફળતાની સ્ટોરી/બેસ્ટ પ્રેક્ટીસ એકત્ર કરીને પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવશે. તા. ૨૩-૧૧-૨૦૨૫ના રોજ જનજાગૃતિના ભાગ રૂપે માઈક્રોબાયોલોજી અને ફાર્મેકોલોજી વિભાગના નિષ્ણાંતો દ્વારા યુટ્યુબમાં વિડીયો અપલોડ કરી માહિતી આપવામાં આવશે.અંતે, તા. ૨૪-૧૧-૨૦૨૫ના રોજ ક્વિઝ, ઈ-પોસ્ટર, સ્લોગન, આર્ટીકલ અને અન્ય સ્પર્ધાઓના વિજેતાઓને પ્રમાણપત્ર અને ઇનામ વિતરણ સમારોહ યોજાશે સાથે બેસ્ટ પ્રેક્ટીસ, IPC અને PA ઓડિટ પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવશે. આ તમામ કાર્યક્રમોનું આયોજન માઈક્રોબાયોલોજી વિભાગ અને ફાર્મેકોલોજી વિભાગના સંયુક્ત ઉપક્રમે ડીન અને તબીબી અધિક્ષકના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવ્યું છે.

# મોરબીમાં ચમડાતોડ વ્યાજની પઠાણી ઉઘરાણી કરી વેપારી યુવકને જાનથી મારી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં વ્યાજખોરીના કેસમાં વેપારી યુવકને પઠાણી ઉઘરાણી, ગાળો-ધમકી તથા જાનથી મારી નાખવાની ધમકીઓ અપાઈ હોવાનું સામે આવ્યું છે. આ સાથે વેપારી યુવકે બે વ્યાજખોર સામે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ મની લેન્ડર્સ એક્ટ તથા બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં વ્યાજની પઠાણી ઉઘરાણીનો વધુ એક ગંભીર બનાવ સામે આવ્યો છે. જેમાં મોમ્સ હોટલની પાછળ નિતીન પાર્ક સોસાયટીમાં રહેતા ચેતનકુમાર કાંતીલાલ ઠોરીયાએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ટીનાભાઈ ઉર્ફે વરુણભાઈ જીવણભાઈ જીલરીયા રહે.શનાળા તથા આરોપી ભાવેશભાઈ રબારી રહે.મોરબી વાળા વિરુદ્ધ નોંધાવેલી ફરીયાદ મુજબ, ફરિયાફી ચેતનકુમારના નાનાભાઈ પીન્ટુભાઈએ દોઢેક વર્ષ પહેલા આરોપી વરૂણ ઉર્ફે ટીનાભાઈ જીવણભાઈ જીલરીયા રહે.શનાળા ગામ વાળા પાસેથી ત્રણ લાખ રૂપિયા માસિક ૩૦ ટકા વ્યાજે લીધેલા. વ્યાજની રકમ દર મહીને ૯૦ હજાર રૂપિયા ભરવામાં આવતા અને નવ લાખ જેટલુ વ્યાજ આપેલ ત્યારબાદ ફરીના ભાઇએ ત્રણ લાખના પાચ ટકાના વ્યાજ ચુકવી આપવાની વાત કરેલ અને તેની અવેજીમા ફરીયાદીના ભાઇએ તેના બેન્કનો ચેક રૂ.૩,૫૦,૦૦૦/- નો લખી આપેલ હોય. જે બાદ વ્યાજની રકમ સમયસર નહી આપતા આરોપીએ ફરીયાદીને અલગ અલગ જગ્યાએ બોલાવી ગાળો આપેલ અને આરોપી ટીનાભાઈ ઉર્ફે વરુણભાઈ તથા આરોપી ભાવેશભાઈ રબારી રહે.મોરબી વાળાએ સાથે મળી ગઇ તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ ફરીયાદીના ઘર પાસે જઇ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ શહેર પોલીસે બન્ને આરોપીઓ સામે ભારતીય ન્યાય સહીતા તથા મનીલેન્ડર્સ એકટની અલગ અલગ કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# કાલાવડના ખાખરીયા ગામે પરપ્રાંતિય તરૂણીએ ગળેફાંસો ખાઇ જીવતર ટૂંકાવ્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખાખરિયા ગામે એક પરપ્રાંતિય તરૂણીએ ગળેફાંસો ખાઇ પોતાનું જીવતર ટુંકાવી લીધાનો બનાવ પોલીસ મથકે નોંધાયો છે. તરૂણીને ગુજરી બજારમાં જવું હોય અને માતાએ ના પાડતાં મનમાં લાગી આવતાં આ પગલું ભરી લીધાનું જાહેર થયું છે. પોલીસે મોત અંગેની નોંધી કરી આગળની તપાસ હાથ ધરી છે.કાલાવડ ગ્રામ્ય પોલીસ મથેકથી આપઘાતના આ બનાવની જાણવા મળતી વિગત મુજબ મૂળ દાહોદ જિલ્લાના ગોવિંદી ગામના વતની અને હાલ જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખાખરિયા ગામે ગીરધરાઇ ગોવિંદભાઇ અકબરીની વાડીએ રહી ખેતમજૂરીનું કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવી રહેલાં ભલાભાઇ મથુરભાઇ બારિઆની ૧૭ વર્ષિય દિકરી સુશીલાબેનને કાલાવડ શહેરમાં ભરાતી ગુજરી બજારમાં જવું હતું.પરંતુ માતા ચકુબહેને તેણીને ગુજરી બજારમાં જવાની ના કહી હતી. આ વાતનું સુશીલા-બહેનને મનમાં લાગી આવતાં તેણીએ વાડીની ઓરડીમાં લોખંડના એન્ગલમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેણીને તાત્કાલિક સારવાર અર્થે કાલાવડ ખાતેની સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવી હતી.જ્યાં ટૂંકી સારવાર કારગત ન નિવડતાં તેણીનું હોસ્પિટલના બીછાને મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃત્તકના પિતા ભલાભાઇએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી હાથ ધરી આ બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# સચેત-પરંપરાની મ્યુઝિકલ નાઈટમાં રાજકોટિયન્સ ઝૂમ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ૫૨મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા 'સચેત પરંપરા' ની બોલીવુડ નાઈટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટના રહેવાસીઓનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. સચેત પરંપરાના કાર્યક્રમને સાંભળવા માટે ૨૦ હજારથી વધુ રાજકોટવાસીઓ ઉમટી પડ્યા હતા. આના પરથી સાબિત થાય છે કે, રાજકોટની જનતા રંગીલી છે અને સાંસ્કૃતિક પ્રેમી છે અને તે સંગીતને કેટલો પ્રેમ કરે છે.



સુરેન્દ્રસિંહ વાળાએ વધુમાં જણાવ્યું હતું કે, બોલીવુડ નાઈટમાં સચેત પરંપરાની પસંદગીનું મુખ્ય કારણ એ છે કે, તેઓ ભક્તિમય ગીતોની સાથે બોલીવુડના ગીતો ગાયા. આ સિંગર્સ યુવાનોથી લઈને વૃદ્ધો સુધી, તમામ વયના લોકોને પસંદ છે, જેના કારણે તેમનો ક્રેઝ ખૂબ વધારે છે. રાજકોટની જનતાએ આ કાર્યક્રમમાં બહોળી હાજરી આપીને તેને સફળ બનાવ્યો હતો અને મનપાનો ૫૨મો સ્થાપના દિવસ યાદગાર બની ગયો છે. કાર્યક્રમનાં પ્રારંભ પૂર્વે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા. પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભારત બોઘરા, મ્યુ કમિશનર તુષાર સુમેરા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર અને દંડક મનીષ રાડીયા તેમજ સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા સહિતના આવી પહોંચ્યા હતા અને તમામે અંત સુધી કાર્યક્રમને માણ્યો હતો.

# ફલાવર બેડના મામલે મનપાના અધિકારીઓને ભીડવતા વીપક્ષી નેતા

## બોર્ડમાં સત્તાવાર કમિશનર તરીકે હર્ષદ પટેલની નિમણુંકઃ મનપાની સામાન્ય સભામાં ફલાવર બેડ અને બિલ્ડીંગ યુઝ પરમીશન બાબતે વિપક્ષી નેતા વશરામ સાગઠીયા આક્રમક બન્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભા મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિપક્ષના સવાલ પ્રથમક્રમે આવેલ હોય વશરામભાઈ સાગઠીયા દ્વારા ફલાવર બેડ મામલે અધિકારીઓને ભીડવવામાં આવ્યા હતા. થોડા સમય બાદ રાજકોટ મનપાની ચૂંટણી યોજાવાની હોય તે પહેલાંનું સંભવત આ છેલ્લુ બોર્ડ માનવામાં આવી રહ્યું છે.

આજે મળેલી સામાન્ય સભામાં વિપક્ષી નેતા વશરામ સાગઠીયાએ ફલાવર બેડ પ્રોજેકશનમાં કેટલા બીયુસી પ્રોજેકટને મંજૂરી મળેલી છે. તેમજ ગત તા.૧૬-૧૦-૨૦૨૫ના રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા ભોગવટાની પરવાનગીના નોટીફીકેશન બાબતે પત્ર મળ્યા બાદ રાજકોટ મનપા દ્વારા કેટલાક પ્રોજેકટને મંજૂરી આપી સહિતના અનેક સવાલો પૂછતાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સહિતના અધિકારીઓ મૂંઝાયા હતાં.

આ અંગે મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ ફલાવર બેડ અંતર્ગત ૯૯ અરજી જુદા જુદા વોર્ડમાં મળી છે. જેમાંથી અત્યાર સુધી ૮ પ્રોજેકટને ભોગવટા હેઠળ મંજૂરી અપાઈ છે. આ સિવાય આર્કીટ્રિકચર પ્રોજેકશન અંતર્ગત અમુક જગ્યાએ સ્થળ તપાસ થઈ ચુકી છે અને બિલ્ડરો અને આર્કીટેકટને પરવાનગી જલ્દી મળે તે માટે મનપા તંત્ર દ્વારા તમામ સુચ્ચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

વધુમાં વશરામ સાગઠીયાએ જણાવ્યું કે મનપા તંત્ર ટીઆરપી ગેમઝોન કાંડ પછી રહેણાંક મકાનને કમ્પલીશન આપવામાં ઠાગાઠૈયા કરી રહ્યું છે. તે સંદર્ભે મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું કે તંત્ર દ્વારા આર્કીટ્રિકચરોને કોઈપણ જાતની હેરાનગતિ ન થાય તે માટે પ્રયત્નો હાથ ધરાર્યા છે. આ સાથે કમિશનર દ્વારા રાજકોટના તમામ વોર્ડમાં જે ૯૯ અરજદારો દ્વારા કમ્પલીશન માટે અરજી કરવામાં આવી છે તેના નામ સહિતની વિગતો પણ રજૂ કરી હતી. આ સાથે મનપાની સામાન્ય સભામાં જે ૧૨ દરખાસ્તો રજૂ કરાઈ હતી તેને પણ મંજૂર કરી દેવાઈ હતી. આજની સામાન્ય સભામાં મનપાના કોર્પોરેટરો તથા પદાધિકારીઓ તેમજ જુદી જુદી શાખાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ રેલવે ડિવિઝને સુરેન્દ્રનગરમાં હાઈ-ઈન્ટેન્સિટી મોક ડ્રિલ કરી આપત્તિની તૈયારીઓ ચકાસી

## માલગાડી-કોચ ટક્કરની કાલ્પનિક દુર્ઘટનામાં ૧૨ કર્મચારીઓના બચાવનો સફળ અભ્યાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા આજે સુરેન્દ્રનગર સ્ટેશન પર આપત્તિ અને દુર્ઘટના વ્યવસ્થાપનની તૈયારીઓનું આંકલન કરવા માટે એક વ્યાપક મોક ડ્રિલનું સફળ આયોજન કરવામાં આવ્યું.

આ સંયુક્ત અભ્યાસમાં એનડીઆરએફ (NDRF), રેલવે અધિકારીઓ, સિવિલ પ્રશાસન, ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, આરપીએફ (RPF) તથા રાજ્ય સરકારની જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ટીમોએ સક્રિય સહભાગિતા કરી.

ડ્રિલ દરમિયાન સવારે લગભગ ૮:૩૦ કલાકે એક કાલ્પનિક દુર્ઘટના હેઠળ એવી પરિસ્થિતિ ઊભી કરવામાં આવી કે ન્યારા એનર્જી પ્રા. લિ. સાઈડિંગથી રતલામ રેલવે ડિવિઝન સ્થિત હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન સાઈડિંગ જઈ રહેલી એક માલગાડીની સુરેન્દ્રનગર યાર્ડની લાઈન સંખ્યા ૮ પર ઊભેલા એક કેમ્પિંગ કોચ સાથે અચાનક ટક્કર થઈ ગઈ. આ ટક્કરના પરિણામે કોચનાં ચાર પૈડાં પાટા પરથી ઊતરી ગયાં અને તેમાં હાજર ૧૨ રેલવે કર્મચારીઓને ગંભીર ઈજાઓ થવાની સ્થિતિ દર્શાવવામાં આવી.

ઘટનાની જાણ થતાં જ રાજકોટથી એક્સિડન્ટ રીલિફ મેડિકલ ઈક્વિપમેન્ટ (ARME) તથા એક્સિડન્ટ રીલિફ ટ્રેન (ART) તરત જ સુરેન્દ્રનગર મોકલવામાં આવી. સાથે જ રેલવે અધિકારીઓ, સિવિલ પ્રશાસન, એનડીઆરએફ, ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, આરપીએફ, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન દળ તથા નજીકની હોસ્પિટલોને સૂચિત કરીને રાહત કાર્યોની રૂપરેખા સક્રિય કરી દેવામાં આવી.

સાઈટ પર પ્રાથમિક ઉપચાર માટે તંબુઓ સ્થાપિત કરાયા, યુનિફાઈડ કમાન્ડ સેન્ટર બનાવવામાં આવ્યું તથા સહાયતા/માહિતી માટે હેલ્પલાઈન બૂથ પણ સંચાલિત કરાયા. ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીના, વરિષ્ઠ ડિવિઝનલ સુરક્ષા અધિકારી શ્રી આર. સી મીણા, વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીના તથા NDRFના વરિષ્ઠ અધિકારી શ્રી અનુપમના માર્ગદર્શન હેઠળ સંયુક્ત બચાવ યોજના પર કાર્ય કરવામાં આવ્યું.

રેલવે અને NDRFની ટીમોએ સંકલિત કાર્યવાહી કરતાં કોચને કાપીને તમામ ૧૨ ઘાયલ કર્મચારીઓને સ્ટ્રેચરની મદદથી સુરક્ષિત બહાર કાઢ્યા અને એમ્બ્યુલન્સ સુધી પહોંચાડ્યા. વાસ્તવિક જેવી આ પરિસ્થિતિ જોઈને સ્થાનિક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. બપોરે લગભગ ૧૧:૩૩ કલાકે સમગ્ર પ્રક્રિયાને સફળતાપૂર્વક પૂર્ણ જાહેર કરતાં તેને મોક ડ્રિલ જાહેર કરવામાં આવી.

અભ્યાસનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ વિભાગોની કટોકટીની તૈયારી, ત્વરિત પ્રતિભાવ, પરસ્પર સંકલન તથા રાહત કાર્યોની અસરકારકતાનું પરીક્ષણ કરવાનો હતો. ડ્રિલ દરમિયાન ઘાયલોને બહાર કાઢવા, પ્રાથમિક ઉપચાર, ભીડ નિયંત્રણ, સંચાર વ્યવસ્થા, સુરક્ષાનાં પગલાં તથા રાહત પ્રવૃત્તિઓનું વિસ્તૃત અનુસરણ કરવામાં આવ્યું. અભ્યાસના અંતે સમીક્ષા બેઠકમાં સલામતી અને આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત સુધારણાના મુદ્દાઓ પર વિસ્તારથી ચર્ચા કરવામાં આવી. આ સંયુક્ત અભ્યાસમાં રેલવેના ઓપરેટિંગ, સેફટી, ઈલેક્ટ્રિકલ, એન્જિનિયરિંગ, સિગ્નલ અને ટેલિકોમ, મિકેનિકલ, સુરક્ષા, વાણિજ્યિક, મેડિકલ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત , પોલીસ, મેડિકલ અને સિવિલ પ્રશાસનના અધિકારીઓ અને કર્મચારીઓ સામેલ થયા.

# રાજકોટની એકાઉન્ટન્ટ જનરલ કચેરી દ્વારા ઓડિટ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

## ૨૮મી નવેમ્બર સુધી ઓડિટ વોક, રંગોળી, ચિત્ર-નિબંધ સ્પર્ધા, મેડિકલ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલના ભારતીય ઓડિટ અને એકાઉન્ટસ ડિપાર્ટમેન્ટની એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી-રાજકોટ દ્વારા ૧૯મી નવેમ્બરથી ઓડિટ સપ્તાહની ઉજવણી શરૂ કરવામાં આવી છે. જે ૨૮મી નવેમ્બર સુધી ચાલશે. આ સપ્તાહ અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૧૯મી નવેમ્બરે સાંજે સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૨૦મીએ સવારે ૧૧ થી ૧૨ ઉદઘાટન કાર્યક્રમ યોજાશે તેમજ ઓડિટ શપથ લેવાશે. બાદમાં સ્લોગન સ્પર્ધા તથા નિબંધ સ્પર્ધા યોજાશે. ૨૧મીએ બપોરે ૩થી ૫ ચિત્ર સ્પર્ધા યોજાશે તેમજ નિવૃત્ત અધિકારીઓ, સ્ટાફ સાથે સંવાદ કાર્યક્રમ યોજાશે. આ જ દિવસે સવારે ૧૦.૩૦થી સાંજે ૪.૧૫ સુધી તિજોરી કચેરીના સ્ટાફ-અધિકારીઓ માટે વર્કશોપ યોજાશે.

૨૨મીએ સવારે ૬.૩૦થી ૮.૩૦ દરમિયાન ઓડિટ વોકનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે ૨૪મીએ સવારે ૧૧ કલાકથી ક્વીઝ કોમ્પિટિશન યોજાશે. આ જ દિવસે અમદાવાદમાં તિજોરી અધિકારીઓ માટે વર્કશોપ યોજાશે. ૨૪મીએ જ બપોરે ૩.૩૦થી સ્ટ્રેસ મેનેજમેન્ટ પર કાર્યક્રમ થશે. ૨૫મીએ સવારે ૧૦.૩૦થી નજીકના જિલ્લાઓના ડી.ડી.ઓ. માટે વર્કશોપ યોજાશે. આ જ દિવસે ઓડિટ અને એકાઉન્ટ ઓફિસની વિવિધ વિંગમાં રંગોળી કરવામાં આવશે.

૨૬મીએ આંતરિક વર્કશોપનું આયોજન કરાયું છે. આ સાથે એ.જી. કચેરીની કામગીરી અંગે જાગૃતિ લાવવા વિવિધ કોલેજ અને યુનિવર્સિટીમાં કચેરીની ટીમ દ્વારા પ્રેઝેન્ટશન આપવામાં આવશે. ૨૭મીએ કાર્યસ્થળે મહિલાઓની જાતીય સતામણીના કાયદા - પોશ એક્ટ અંગે જાગૃતિ કાર્યક્રમ થશે. આ જ દિવસે બપોર પછી રમત-ગમતની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરાયું છે. ૨૮મીએ સવારે ૧૦ વાગ્યાથી મેડિકલ કેમ્પ યોજાશે. આ જ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સમાપન સમારોહ યોજાશે, તેમ નાયબ એકાઉન્ટ જનરલ-વહીવટ ડેનીશ ડેનિયલની યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં ૨૧મીના રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રિલનું આયોજન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ભારત સરકારના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તથા ગુજરાત સરકારના ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી તેમજ જિલ્લા વહીવટી તંત્ર જામનગરના ડિઝાસ્ટર મેનેજમેન્ટ તંત્ર દ્વારા આગામી તારીખ ૨૧ નવેમ્બરના રોજ રિલાયન્સ રિફાઈનરી ખાતે રાષ્ટ્રીય કક્ષાની મોકડ્રિલનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૯ પછી આ પ્રકારની રાષ્ટ્રીય કક્ષાની ડ્રિલ જામનગર ખાતે યોજાવા જઈ રહી છે. આ મોકડ્રિલ રિફાઈનારીના ટેન્ક ફાર્મમાં આગ લાગવાની સ્થિતિને અનુલક્ષીને યોજવામાં આવશે. જેમાં કલેકટરે જિલ્લા વહીવટી તંત્ર કોઈપણ આફતને પહોચી વળવા તેમજ નાગરીકોના હીત માટે સંપૂર્ણ કટીબદ્ધ રહેશે તેમ જણાવ્યું હતું.આ મોકડ્રિલના આયોજન માટે જિલ્લા કલેકટર કેતન ઠક્કર, દિલ્હીથી નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ઉચ્ચ અધિકારી આદિત્યકુમાર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક ડો.રવિમોહન સૈની, સેનાના અધિકારીઓ તથા સંબંધિત વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથેની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.આ અંગે જિલ્લા કલેકટર કેતન ઠક્કરે જણાવ્યું કે આ મોકડ્રિલ દ્વારા ખૂબ મોટા પ્રમાણમાં વહીવટીતંત્રની કોઈપણ પ્રકારની ડિઝાસ્ટરને પહોંચી વળવાની ક્ષમતાની કસોટી કરી તેની તૈયારીઓ અંગેની સમીક્ષા કરવામાં આવશે. આ અંગેની સમીક્ષા કરવા દિલ્હી સ્થિત નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના ઉચ્ચ અધિકારી આદિત્યકુમાર તથા તેમની ટીમ પણ જામનગર ખાતે આવી પહોંચી છે અને સમગ્ર ડ્રિલનું સંકલન તથા સંચાલન કરી રહી છે. આ ડ્રિલમાં કેન્દ્ર તથા ગુજરાત સરકારના તમામ સંબંધિત વિભાગો, સેનાની ત્રણેય પાંખ તેમજ કોસ્ટ ગાર્ડ સહિતની તમામ ઓથોરિટી સક્રિયપણે જોડાશે.જિલ્લા વહીવટી તંત્ર જામનગર દ્વારા આ મોકડ્રિલના આયોજન સબંધે તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લા કલેકટર કેતન ઠક્કરે અંતમાં વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું કે, આગામી દિવસોમાં જિલ્લાના નાગરિકોના હિત માટે કોઈપણ પ્રકારના ડિઝાસ્ટરને પહોંચી વળવાની કામગીરી માટે જિલ્લા વહીવટી તંત્ર સક્ષમ છે અને સુપેરે કામગીરી કરવા માટે કટિબદ્ધ છે.




# વિભાપરગામની મધુરમ સોસાયટી માંથી ઈગ્લીશ દારૂની નાની મોટી બોટલ નંગ-૩૮૧ સાથે બે ઈસમોને પકડી પાડતી એલ.સી.બી.



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક ડો. રવિ મોહન સૈનીએ જામનગર જીલ્લા માથી દારૂ જુગારની બદીને નેસ્ત નાબુદ કરવા પ્રોહીબીશન તથા જુગાર ધારાના કેસો શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી.ના પોલીસ ઈન્સ.વી.એમ.લગારીયા નાઓના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. ના પો.સ.ઈ.સી.એમ.કાંટેલીયા તથા પો.સ.ઈ.પી.એન.મોરી તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના હિતેન્દ્રસિંહ જાડેજા, મયુરસિંહ પરમાર તથા રૂષીરાજસિંહ વાળાને મળેલ ખાનગી હકિકત આધારે જામનગર તાલુકાના વિભાપરગામ ની બાજુમા આવેલ મધુરમ સોસાયટીમા નીચે લખ્યા નામ વાળા આરોપીના રહેણાંક મકાન માંથી ઈગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ-૩૮૧ કિ.રૂ. ૧,૯૩,૭૦૦તથા મોબાઈલ ફોન -૨ કિ.રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૨,૦૩,૭૦૦નો મુદામાલ કબ્જે કરી મજકુર આરોપીઓ વિરૂધ્ધ પો. કોન્સ. રૂષીરાજસિંહ વાળાએ ફરીયાદ રીપોર્ટ આપતા પો.હેડ કોન્સ. હિતેન્દ્રસિંહ જાડેજા નાઓએ પ્રોહીબીશન ધારા હેઠળ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે. સદરહુ દારૂ સપ્લાય કરનાર નીચે લખ્યા નામ વાળા આરોપીઓને પકડવાની કાર્યવાહી ચાલુમા છે.પકડાયેલ આરોપીઓ.રઘુભાઇ વાકાભાઇ પરમાર રહે. વિભાપરગામ, પ્રેમનગર જામનગર જયદેવસિંહ શીવુ-ભા જાડેજા રહે. વિભાપરગામ,મધુરમ સોસાયટી, જામનગર.પકડવાના બાકી આરોપી.રામભાઇ ભરવાડ રહે. નાઘેડી તા.જી.જામનગર.રામભાઇ મેર રહે. નાઘેડી તા.જી.જામનગર.આ કાર્યવાહી પો.ઈન્સ.વી.એમ.લગારીયા ના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ.સી.એમ.કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઇ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, કાસમ બ્લોચ, નિર્મળસિંહ જાડેજા, ધનશ્યામભાઇ ડેરવાળીયા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલિંહ જાડેજા,ભરતભાઇ ડાંગર, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અરજયભાઇ વીરડા,ધમેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઇ માલકીયા, દયારામ ત્રિવેદી,બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે કાલાવડ વિધાનસભા વિસ્તારમાં દેશભક્તિસભર 'પદયાત્રા' યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

દેશના લોહપુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે કાલાવડ તાલુકાના આણંદપરથી નિકાવા ગામ સુધી ભવ્ય અને દેશભક્તિસભર પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરદારના રાષ્ટ્રનિર્માણમાં આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરવા અને તેમના આદર્શોને જનજન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે યોજાયેલી આ યાત્રામાં કાલાવડ વિધાનસભા વિસ્તારના હજારો ગ્રામજનો ઉત્સાહભેર સહભાગી થયા હતા.આ પદયાત્રાને આણંદપર ખાતેથી ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા તથા આસિસ્ટન્ટ કલેક્ટર સ્વપિનલ સિસલેએ લીલી ઝંડી બતાવીને શુભારંભ કરાવ્યો હતો.



નિકાવા ખાતે યાત્રાના સમાપન વેળાએ આયોજિત સભામાં પૂર્વ કૃષિ મંત્રી આર.સી.ફળદુ તથા વિશેષ વક્તા તરીકે ઉપસ્થિત ગોવા શીપ યાર્ડના ડાયરેક્ટર હસમુખ હિંડોચાએ સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને રાષ્ટ્ર પ્રત્યેની તેમની અદમ્ય નિષ્ઠા વિશે મનનીય પ્રવચન આપ્યું હતું. તેઓએ અખંડ ભારતનું નિર્માણ, દેશી રજવાડાઓનું વિલીનીકરણ, અને સોમનાથ મંદિરનું પુનઃનિર્માણ વગેરેમાં સરદાર સાહેબની પાયાની ભૂમિકા અંગેના રોચક અને પ્રેરક પ્રસંગો રજૂ કર્યા હતા. આર.સી.ફળદુએ જણાવ્યું કે અનેક નવલોહીયા યુવાઓના બલિદાનથી આઝાદ થયેલ ભારત દેશ અખંડ અને મજબૂત રહે તે માટે સરદાર પટેલે કુનેહ વાપરી દેશને એક તાંતણે જોડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું.સરદાર પટેલનું સમગ્ર જીવન જાણે માં ભારતીની ઉન્નતિ માટે જ બન્યું હોય તેવા કાર્યો તેમના હાથે સંપન્ન થયા.તેમને મન નાત, જાત કે ધર્મના કોઈ ભેદભાવો નહોતા.અને તેઓ સમગ્ર દેશને એક પરિવાર તરીકે જોતા હતા.આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ભાવનગરના રાજવી કૃષ્ણકુમારસિંહજી દ્વારા સરદાર પટેલને રાષ્ટ્ર નિર્માણમાં સોપાયેલ સૌપ્રથમ રજવાડાના વિલીનીકરણની ગાથા દર્શાવતી સુંદર નાટિક રજૂ કરાઈ હતી.આ પદયાત્રામાં બહોળી સંખ્યામાં ગ્રામજનો, યુવાનો અને મહિલાઓ જોડાયા હતા.હાથમાં તિરંગા સાથે નીકળેલી આ રેલી આણંદપરથી નિકાવા તરફ આગળ વધી ત્યારે સમગ્ર માર્ગ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયો હતો.આ પ્રસંગે કાલાવડ તાલુકા પંચાયત પ્રમુખ ચંદ્રિકાબેન પાનસૂરિયા, જોડિયા તાલુકા પંચાયત પ્રમુખ રસિલાબેન ચનીયારા, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ચંદ્રિકાબેન અઘેરા, આગેવાન ડો.વિનુભાઈ ભંડેરી, અભિષેક પટવા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, કાલાવડ મામલતદાર, ચીફ ઓફિસર, તાલુકા વિકાસ અધિકારી સહિત કાલાવડ વિધાનસભા બેઠકના પદાધિકારીઓ, અધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં વિસ્તારના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લામાં દેશી દારૂ સંબંધિત બે દરોડા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં દેશી દારૂ સંબંધિત બે દરોડા પાડ્યાં છે. જેમાં મેઘપર પોલીસે ગામમાંથી ૨૨ લીટર દેશી દારૂ અને પંચકોષી બી ડિવિઝન પોલીસે અલિયા ગામેથી ૪ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે એક શખ્સની અટકાયત કરી છે જ્યારે એકને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. પોલીસે બન્ને દરોડામાં કુલ ૧૬ હજાર રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

મેઘપર પોલીસે બાતમીના આધારે ગ્રામ પંચાયતની બાજુમાં રહેતાં મનોજસિંહ ઉર્ફે કારીયો રણજીતસિંહ જાડેજા તા.લાલપુર, જી.જામનગર નામના શખ્સના રહેણાંક મકાને દેશી દારૂ સંબંધિત દરોડો પાડ્યો હતો. મકાનની તલાશી લેતાં મકાનમાંથી રૂા.૫૦૦૦ ની કિંમતની ૨૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો કાચો આથો તેમજ રૂા.૪૪૦૦ ની કિંમતનો ૨૨ લીટર દેશી દારૂ સહિત કુલ રૂા.૯૪૦૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. જ્યારે આરોપી હાજર મળી ન આવતાં પોલીસે તેને ફરાર જાહેર કરી ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.પંચકોષી એ ડિવિઝન પોલીસે જામનગર શહેર નજીકના અલિયા ગામે મેઈનબજાર વિરાણીચોક ખાતે રહેતાં ઉત્તમભાઇ વિમલભાઇ તન્ના (ઉ.વ.૨૧) નામના યુવાનન મકાનના પાછળના ભાગેથી રૂા.૪૫૦૦ ની કિંમતની ૧૮૦ લીટર દેશી દારૂ બનાવવાનો કાચો આથો તેમજ રૂા.૮૦૦ ની કિંમતનો ૪ લીટર દેશી દારૂ તેમજ રૂા.૧૩૦૦ ની કિંમતના દારૂ બનાવવાની ભઠીના સાધનો સહિત કુલ રૂા.૬૬૦૦ નો મુદ્દામાલ મળી આવ્યો હતો. પોલીસે આ મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત કરી તેની સામે પ્રોહિબીશનની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ''લાલો''(શ્રી કૃષ્ણ સદા સહાયતે)ના કાલાકારોએ જયેશભાઈ રાદડીયાની શુભેચ્છા મુલાકાત કરી

## ''હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી, ગુણિયલ ગરવી ભાવે રૂડી શબ્દોથી છલકાતી''

**મુખ્ય સમાચાર, ઉપલેટા**

તાજેતરમા રીલીઝ થયેલ ગુજરાતી ભાષા તેમજ સંસ્કૃતીને ગૌરવ અપાવનાર અદભુત સ્ટોરી સમાન ફિલ્મ ''લાલો''(શ્રી કૃષ્ણ સદા સહાયતે)ના સુપરસ્ટાર કલાકારો તેમજ પ્રોડ્યુસરોની ટીમે યુવા ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના જેતપુર કાર્યાલય ખાતે શુભેચ્છા મુલાકાત કરતા સૌનુ ભાવભિનુ સ્વાગત કરીને ગુજરાતી ફિલ્મને ગૌરવ અપાવવા બદલ સો કલાકાર ને અભિનંદન પાઠવતા ધારાસભ્ય જયેશ રાદડિયા.



# જામનગર શહેરમાં બેફામ ગતિએ બાઈક ચલાવનાર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમની મદદથી શહેરમાં બેફામ ગતિએ વાહનો ચલાવીને અન્ય લોકોનો જીવ જોખમમાં મુકનાર સામે ટ્રાફીક પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. એક બાઈક બેફામ ગતિએ બાઈક ચલાવતા શખસને સીસીટીવી ફુટેજના આધારે શોધી કાઢી તેની સામે ગુનો નોંધ્યો છે.શહેરના લાલવાડી આવાસમાં રહેતો આશિષ રમેશભાઈ ડાભી નામનો યુવાન ગત તા.૧૪મી તારીખે શહેરના ખોડીયાર કોલોનીથી સાત રસ્તા તરફના માર્ગો પુરપાટ ઝડપે મોટર સાયકલ ચલાવ્યું હતું. તેની બેદરકારીથી ડ્રાઈવિંગથી અન્ય વાહન ચાલકો અનો રાહદારીઓને જીવ જોખમમાં મુકાયો હતો. આ ઘટના શહેરના પોલીસના કમાન્ડ કંટ્રોલ વિભાગના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. ટ્રાફીક શાખાની ટીમે ફુટેજની મદદથી વાહનના રજીસ્ટ્રેશન નંબરના આધારે આશિષ ડાભીની ઓળખ કરીને શોધી કાઢ્યો હતો. તેને ટ્રાફીક પોલીસ સ્ટેશને બોલાવીને પુછપરછ કરવામાં આવી હતી. તેને બેદરકારીપુર્વક વાહન ચલાવ્યાની કબુલાત કરી હતી. જે અંગેની યુવાન સામે સીટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવીને તેનો કબજો સોંપી દીધો હતો. અત્રે ઉલ્લેખનીય છેકે, જામનગર સહિત હાલારભરમાં બેદરકારી પૂર્વક વાહન ચલાવનારાઓ સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરાઇ રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભગવતીપરામાં અગાઉની માથાકુટમાં ધોકા- તલવાર ફટકારી યુવકનો પગ ભાંગી નાખ્યો

## પાંચથી વધુ ટુ વ્હીલરમાં હથીયારો સાથે ધસી આવેલા શખ્સોએ ફિલ્મી સ્ટાઈલમાં રીક્ષાને આંતરી હુમલો કર્યા બાદ રીક્ષામાં તોડફોડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરામાં અગાઉના ઝઘડાનો ખાર રાખીને પાંચથી વધુ સ્કૂટરમાં ઘસી આવેલા શખસોએ ફિલ્મી સ્ટાઈલમાં યુવકની રીક્ષા આંતરી જાહેરમાં ધોકા-તલવાર વડે બેફામ માર માર્યો હતો. આ ઘટનામાં યુવકને પગમાં ગંભીર ઇજા પહોંચતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની વિગતો મુજબ, ભગવતીપરા હુશેનીયા મસ્જીદ પાસે રહેતો સમીર અપુભાઈ સૌરા (ઉંમર ૨૭) નામનો યુવક બપોરે ૧૨.૩૦ વાગ્યા આસપાસ મિત્ર સિકંદર હારૂનભાઈ રાઉમાની રિક્ષામાં બેસીને ચા પીવા માટે ગયો હોય ત્યારે



આઝમ ચોક નજીક પહોંચતા પાંચ જેટલા સ્કૂટરમાં થસી આવેલા આરોપીઓએ અગાઉના ઝઘડાનો ખાર રાખીને સમીર અને સિકંદર ઉપર હુમલો કર્યો હતો.

જો કે મારથી બચવા સિકંદરે રીક્ષા ભગાડી મૂકતા આરોપીઓએ ધોકા-તલવાર લઈને રીક્ષાનો પીછો કર્યો અને આંતરી સમીર ઉપર તૂટી પડ્યા હતા. આ ઘટનામાં સમીરના પગના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેને સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટના અંગે જાણ થતાં બી ડિવિઝન પોલીસ મથકના પીઆઈ એસ.એસ.રાણે સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.

ખ્રિસ્ત સમારના જણા બીજી બાજુ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ઈજાગ્રસ્ત ઈજાગ્રસ્ત સમીરના જણાવ્યા મુજબ, મિત્ર સિકંદર રાઉમાના ભાઈને ઘણા સમય પહેલા ગૌરાંગ ઉર્ફ ગવલા બાવાજીના પિતા સાથે ગાળ બોલવા બાબતે માથાકૂટ થઈ હતી. ગવલો અને તેનો મિત્ર જાહીદ ઉર્ફ જાવલો સહિતના મારા મિત્ર સિકંદર સાથે અવાર નવાર ઝગડાઓ કરી ધમકીઓ આપતા હતા.બપોરે મિત્ર સિકંદર સાથે રીક્ષામાં બેસીને ચા-પાણી પીધા બાદ પરે પરત ફરી રહ્યો હતો ત્યારે આરોપી જાહીદ ઉર્ફ જાવલો યુસુફભાઈ ગૌરાંગ ઉર્ફે ગવલો અરવિદ બાવાજી અને બીજા ત્રણ અજાણ્યા શખસો સ્કૂટરમાં આવ્યા હતા અને રિક્ષા આડે વાહન રાખી તું કેમ સિકંદર ભેગો ફરે છે ? કહી સીધા ધોકા પાઈપ લઈને આડેધડ પા મારવા લાગ્યા હતા. બનાવ અંગે પોલીસે યુવકનું નિવેદન નોંધી ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# રાજકોટમાં યુવાનને ત્રણ શખ્સોએ નજીવા પ્રશ્ને ઢીકા- પાટુનો માર માર્યો

## ભગવતીપરામાં સગીરાએ ફિનાઈલ ગટગટાવી લેતા સારવારમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતો યુવાન લાખનાં બંગલા પાસે હતો ત્યારે બે શખ્સોએ નજીવા પ્રશ્ને ઝઘડો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામા આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ ગાંધીગ્રામમા રાધા કૃષ્ણ મંદિર પાછળ રહેલા કરણ વિનોદભાઇ ગોહેલ નામનો ૧૯ વર્ષનો યુવાન લાખનાં બંગલા પાસે હતો ત્યારે રવી અને ભરત હતા ત્યાર સહીતનાં શખ્સોએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવ્યો હતો.

આ ઉપરાંત બીજા બનાવમા ભગવતીપરા વિસ્તારમા મહાકાળી માતાજીનાં મંદીર નજીક રહેતી પાયલબેન મનોજભાઈ સોલંકી નામની ૧૭ વર્ષની સગીરા પોતાનાં ઘરે હતી ત્યારે કોઈ અગમ્ય કારણસર ફીનાઇલ પી લીધુ હતુ. સગીરાની તબીયત લથડતા તાત્કાલીક સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવી હતી. ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કૃષ્ણગરમાં રહેણાંક મકાનમાં આગ ભભૂકીઃ ઘરવખરી બળીને ખાક

## ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ બુઝાવી, ગેસ સિલિન્ડર લીકેજ થતા આગ લાગ્યાની શંકા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં આવેલા કૃષ્ણગરમાં રહેણાંક મકાનમાં આગ ભભૂકી ઉઠતાં ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ગેસ સિલિન્ડર લીકેજ થતા આગ લાગ્યાની શંકા સેવાઈ રહી છે. જાણવા મળતી વિગત મુજબ મવડી વિસ્તારમાં કૃષ્ણનગર મેઈન રોડ પર સ્વામીનારાયણ ચોકથી આગળ ફરસાણવાળી બંધ શેરીમાં રહેણાંક મકાનમાં સવારે આગ ભભૂકી ઉઠી હતી. બનાવની જાણ થતાં મવડી ફાયર બ્રિગેડનો સ્ટાફ મિની ફાયર ફાયટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર બ્રિગેડના સ્ટાફ દ્વારા ચાલુ વીજલાઈન બંધ કરી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવા પ્રયાસો હાથ ધર્યા હતાં. અડધા કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

ઘટના સ્થળે મકાન માલીક શૈલેષભાઈ ચાવડીયા હાજર હતાં. તેમના જણાવ્યા મુજબ આગના લીધે ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી. જો કે સદનશીબે આગમાં કોઈ જાનહાની થઈ ન હતી. ગેસ સિલિન્ડર લીંકજ થતા આગ લાગ્યાની શંકા સેવાઈ રહી છે.

# રાજકોટમાં હૃદયરોગનો હુમલો વધુ ત્રણ લોકોના જીવ હણી ગયો

## યુવાન અને બે મહિલા બેભાન હાલતમાં ઢળી પડ્યા બાદ હોશમાં જ ન આવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા હૃદય રોગનાં હુમલાનો ખતરો યથાવત હોય તેમ વધુ ૩ લોકો ધબકારા ચુકી ગયા છે જેમા ગંજીવાડામા યુવાન મેહુલ નગર અને કૃષ્ણનગરમા બે મહીલાનુ હૃદય રોગનાં હુમલાથી મોત નીપજતા પરીવારમા શોકની લાગણી પ્રસરી છે.



આ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ શહેરનાં ગંજીવાડા વિસ્તારમા રહેતા વિજય ધરમદાસ દેસાણી નામનો ૩૭ વર્ષનો યુવાન રાત્રીનાં સાડા આઠેક વાગ્યાનાં અરસામા પોતાનાં ઘરે હતો. ત્યારે બેભાન હાલત-મા ઢળી પડતા સારવાર માટે સિવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામા આવ્યો હતો જયા ફરજ પરનાં તબીબે જોઈ તપાસી યુવકનુ હાર્ટ એટેકથી મોત નીપજયુ

હોવાનુ જાહેર કરતા પરીવાર શોકમા ગરકાવ થઇ ગયો હતો. મૃતક યુવાન બે ભાઈ એક બહેનમા વચેટ હતો. અને તેને સંતાનમા એક પુત્ર અને એક પુત્રી છે.

બીજા બનાવમા કોઠારીયા રોડ પર મેહુલ નગરમા રહેતા નયનાબેન ઘનશ્યામભાઈ ફીચડીયા (ઉ.વ. ૪૯) ને હૃદય રોગનો હુમલો આવતા છાતીમા દુખાવો ઉપડયો હતો. પ્રૌઢાને તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જયા સારવાર મળે તે પુર્વે મોત નીપજતા પરીવારમા ગમગીની છ્વાઇ જવા પામી છે.

આ ઉપરાંત ત્રીજા બનાવમા સ્વામી નારાયણ ચોક પાસે આવેલા કૃષ્ણ નગરમા રહેતા ભાવનાબેન નાથુભા ગોહેલ (ઉ.વ. ૫૫ ) પરોઢીયે પોતાનાં ઘરે હતા ત્યારે બેભાન હાલતમા ઢળી પડતા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવ્યા હતા જયા તબીબે ભાવનાબેન ગોહેલ હાર્ટ એટેકથી મોત નીપજયુ હોવાનુ જાહેર કરતા પરીવ-ારમા શોકની લાગણી પ્રસરી છે. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઔદ્યોગીક હેતુ માટે માધાપરમાં સરકારે ફાળવેલી ૨૦ કરોડની જમીન ખાલસા કરવા હુકમ

## રઘુવીર ઇન્ડસ્ટ્રીઝે મંજુરી વગર ભાગીદારી પેઢીમાં ૮ વખત ફેરફાર કર્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના માધાપર ગામની સરકારી ખરાબાની જમીન (સ.નં. ૧૧૧ પૈકી પ્લોટ નં. ૧, ૨ અને ૩) પર મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આશરે ૨૦ કરોડથી વધુની અંદાજિત કિંમત ધરાવતી કુલ ૧૯૭૪૫-૦૦ ચો.મી. જમીન આસીસ્ટન્ટ કલેકટર દ્વારા તાત્કાલિક અસરથી સરકાર હસ્તક લેવાનો હુકમ ફરમાવાયો છે. આ જમીન મૂળ રૂપે કલેકટર, રાજકોટના તા. ૧૫/૦૪/૧૯૭૪ના હુકમથી રઘુવીર ઇન્ડસ્ટ્રીઝ નામના એકમ/ભાગીદારી પેઢીને ઔદ્યોગિક હેતુ માટે ફાળવવામાં આવી હતી. જોકે, ઇન્ડસ્ટ્રીઝ દ્વારા વર્ષ ૨૦૦૪થી



લઈને અલગ-અલગ વર્ષોમાં કુલ ૮ વખત ભાગીદારી પેઢીમાં કોઈપણ પ્રકારની સરકારી પૂર્વમંજુરી લીધા વિના ફેરફાર કરવામાં આવ્યા હતા. વહીવટી તંત્રના ધ્યાને આવ્યું કે આ ફેરફારો સ્પષ્ટ પણે મૂળ હુકમની શરતોનો ભંગ કરે છે. શરતભંગની આ ગંભીર બાબત ધ્યાને આવતા તાત્કાલિક કેસ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આસીસ્ટન્ટ કલેકટર મહક જૈન દ્વારા પક્ષકારોને કાયદા મુજબ પોતાની રજૂઆત કરવા માટે પૂરતી તક આપવામાં આવી હતી. પરંતુ, પુરાવા અને દલીલોના અંતે એ સ્પષ્ટ થયું કે પરઘુવીર ઇન્ડસ્ટ્રીઝથ દ્વારા સરકારની કોઈ પૂર્વ મંજુરી લીધા વિના ભાગીદારી પેઢીમાં ઉતરોત્તર ફેરફારો થયા છે, જે શરતભંગ સમાન છે. આથી, આસીસ્ટન્ટ કલેકટર મહક જૈને કડક નિર્ણય લઇ આ તમામ જમીન સરકારી ખરાબા તરીકે પુનઃ સરકાર દાખલ કરવા હુકમ ફરમાવ્યો છે. જિલ્લા વહીવટી તંત્રના આ કડક પગલાથી સરકારી જમીનોનો નિયમો વિરુદ્ધ ઉપયોગ કરનારા અન્ય ઉદ્યોગગૃહો અને વ્યક્તિઓમાં પણ ફફડાટ ફેલાયો છે. આ હુકમ દર્શાવે છે કે, સરકારી જમીનની ફાળવણીમાં કોઈપણ પ્રકારનો શરતભંગ ચલાવી લેવાશે નહીં અને નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.



# રાજકોટમાં યુવાનને ત્રણ શખ્સોએ નજીવા પ્રશ્ને ઢીકા- પાટુનો માર માર્યો

## ભગવતીપરામાં સગીરાએ ફિનાઈલ ગટગટાવી લેતા સારવારમાં ખસેડાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતો યુવાન લાખનાં બંગલા પાસે હતો ત્યારે બે શખ્સોએ નજીવા પ્રશ્ને ઝઘડો કરી માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડવામા આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ ગાંધીગ્રામમા રાધા કૃષ્ણ મંદિર પાછળ રહેલા કરણ વિનોદભાઇ ગોહેલ નામનો ૧૯ વર્ષનો યુવાન લાખનાં બંગલા પાસે હતો ત્યારે રવી અને ભરત હતા ત્યાર સહીતનાં શખ્સોએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર માર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવ્યો હતો.

આ ઉપરાંત બીજા બનાવમા ભગવતીપરા


વિસ્તારમા મહાકાળી માતાજીનાં મંદીર નજીક રહેતી પાયલબેન મનોજભાઈ સોલંકી નામની ૧૭ વર્ષની સગીરા પોતાનાં ઘરે હતી ત્યારે કોઇ અગમ્ય કારણસર ફીનાઇલ પી લીધુ હતુ. સગીરાની તબીયત લથડતા તાત્કાલીક સિવીલ હોસ્પીટલ ખાતે ખસેડવામા આવી હતી. ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


# ૪૦ રોકાણકારોના ૫.૯૧ કરોડ પડાવનાર ગઠીયા સામે કાર્યવાહી કરવા પો. કમિશ્નરને રજુઆત

## ચાર માસથી ફરાર શખ્સ સામેની તપાસ સીબીઆઈ અને સીઆઈડી ક્રાઈમને સોંપવા માંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં ૧૫૦ ફુટ રીંગ રોડ પર આર કે એમ્પાયર બિલ્ડીંગનાં દ્દઠ્ઠા અને સાતમા માળે આવેલી રીસેટ વેલ્થ કંપનીનાં સંચાલકોએ ૪૦ જેટલા રોકાણકારોને ઉચુ વળતર આપવાની લાલચ આપી ૫.૯૧ કરોડની ફરીયાદ માલવીયા નગર પોલીસ મથકમા ૪ મહીના પહેલા નોંધવામા આવી હતી. રીસેટ વેલ્થ કંપની બનાવી તેમા રોકાણ કરવાની લાલચ આપ્યા બાદ કંપનીનુ અચાનક ઉઠમણું થઈ જૂતા કંપનીને મહિનામા માલવિયા નગર પોલીસ મથકમા ફરીયાદ નોંધવામા આવી હતી. આ ઘટનામા પોલીસે ૪ મહીના વિતી ગયા છતા પણ રોકાણકારોને ન્યાય ન



મળતા અરજદાર નીર્મળસિંહ ભરતસિંહ જાડેજા નામનાં અરજદારે પોલીસ કમિશનરમા લેખીત અરજી આપી ન્યાયની માગણી કરી આરોપી સંજય માંગરોળીયા વિરુધ્ધ તેમજ તેની સાથે તપાસમા ખુલે તેમની સામે કાર્યવાહી કરવા જણાવ્યુંછે. આ બનેલા રોકાણકારો દ્વારા એક અરજી કરવામા આવી છે જેમા તેઓએ જણાવ્યુ હતુ કે તેઓ તેમજ આ લોભામણી સ્કીમનો ભોગ બનેલા લોકો દ્વારા પોલીસ મથકમા ફરીયાદ નોંધાવવામા આવી હતી પરંતુ આ ફરીયાદને ૪ મહીના વીતી ગયા આમ છતા પોલીસે આરોપીને ન પકડતા અને ૪૦ જેટલા રોકાણકારો સાથે છ કરોડ જેવડી મોટી રકમની ઠગાઇ કરવામા આવે છે તેમજ અરજદારોએજાવ્યું તેઓ ફરીયાદી તેમજ તેમની સાથેનાં રોકાણકારોએ પોતાની આજીવીકાની મરડ મુળી આ કામના આરોપીએ છેતરીને ઓળવી લીધી હોય અને તેમજ યોગ્ય કાર્યવાહી કરવામા નહી આવે તો અરજદારોને ન્યાય નહીં મળે તેવી પુરેપુરી સંભાવના હોય જેથી ન્યાયનો હેતુ ઝળવાય રહે તે માટે આ લેખીત અરજી કરવામા આવી છે. તેમજ આ ફરીયાદની તપાસ એસીપી કક્ષાનાં અધીકારી અથવા સીબીઆઇ અથવા સીઆઇડી ક્રાઈમને સિપી ન્યાય મળે તેવી કાર્યવાહી કરવા રોકાણકારોએ જણાવ્યુ છે આ મામલે રોકાણકારો દ્વારા આ લેખીત અરજી રાજયનાં ગૃહમંત્રી અને ડીજીપીને પણ મોકલવામા આવી હતી.

# ભક્તિનગર સર્કલ પાસે ઓમ રેસ્ટોરન્ટમાં જીએસટીની રેડ દરમિયાન દારૂની બોટલો મળતા ચકચાર

## રેસ્ટોરન્ટ માલીક જીએસટી અધિકારીઓ સાથે રકઝક કરી નાશી છુટતા પોલીસે કરી કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ભક્તિનગર સર્કલ પાસે આવેલા ઓમ રેસ્ટોરન્ટમાં જીએસટી વિભાગના દરોડા દરમિયાન રેસ્ટોરન્ટમાંથી દારૂની બોટલો મળી આવી હતી. જીએસટી વિભાગે પોલીસને જાણ કરતા ભક્તિનગર પોલીસે દોડી જઇ વિદેશી દારૂની ચાર બોટલ કબજે કરી રેસ્ટોરન્ટ માલીક વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ ૮૦ ફુટ રોડ પર ભક્તિનગર સર્કલ પાસે આવેલા ઓમ રેસ્ટોરસ્ટમાં ગત રાતે સીજીએસટી વિભાગના અધિકારીઓએ દરોડો પાડયો હતો. રેડની કાર્યવાહી દરમિયાન રેસ્ટોરન્ટમાંથી દારૂની બોટલો મળી આવતા રાજકોટ સીજીએસટી વિભાગના સુપ્રિન્ટેન્ડેન્ટ અંકિતકુમાર બછેલાલે પોલીસમાં જાણ કરતા ભક્તિનગર પોલીસ મથકના પીએસઆઈ જે.જે. ગોહીલ સહીતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ કરતા રેસ્ટોરન્ટમાંથી વિદેશી દારૂની અલગ અલગ કંપનીની બોટલ નં.૪ કિં.૧૪૯૦ મળી આવતા પોલીસે કબ્જે કરી હતી.

રેસ્ટોરન્ટમાં રેઈડની કાર્યવાહી કરવા આવેલા જીએસટી અધિકારીઓએ પોલીસને જણાવ્યુ હતું કે તેઓ દરોડાની કાર્યવાહી કરવા આવ્યા ત્યારે રેસ્ટોરન્ટ માલીક વલ્લભભાઈ જીવરાજભાઈ તારપરા અધિકારીઓ સાથે બોલાચાલી કરી ભાગી ગયા હતા. જેથી ભકિતનગર પોલીસે રેસ્ટોરન્ટ માલીક વિરૂધ્ધ પ્રોહિબીશનનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખનીજ માફિયાના ત્રાસથી કંટાળી ત્રણ કૌટુંબિક ભાઈઓએ કર્યો આપઘાતનો પ્રયાસ

## વાંકાનેરના મહીકા ગામનો બનાવઃ ૫૦ વર્ષથી જે જમીન વાવતા હોય તે ખાલી કરાવવા એક મહિનાથી કેટલાક શખસો દબાણ કરતા હોવાના આક્ષેપો, ત્રણેય રાજકોટ સારવાર હેઠળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર તાલુકાના મહીકા ગામે ખેડૂત પરિવારના એક સાથે ત્રણ પિતરાઈ ભાઈઓએ ઝેરી દવા પી આપઘાત પ્રયાસ કરતા તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં પરિવારજનોએ આક્ષેપો કરતાં જણાવ્યું કે, ૫૦ વર્ષથી જે જમીનનું તેઓ વાવેતર કરતા તે જમીન ખાલી કરાવવા છેલ્લા એક મહિનાથી ખનિજ માફિયા પરિવારને ત્રાસ આપતા હોય જેથી કંટાળીને આ પગલું ભર્યું હતું. ઘટના અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, વાંકાનેરના મહિકા ગામે રહેતો યશ હરિભાઈ બાંભણીયા (ઉ.વ.૨૦) તેના મોટા બાપુના બે દિકરા કલ્પેશ



વિનોદભાઈ બાંભણીયા (ઉ.વ.૨૩) અને વિશાલ વિનોદભાઈ બાંભણીયા (ઉ.વ.૨૦) નામના ત્રણેય પિતરાઈ ભાઈઓ મહિકા ગામે પોતાની વાડીએ હતાં ત્યારે પાકમાં છાંટવાની ઝેરી દવા પી જતાં પ્રથમ વાંકાનેર બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવ અંગે યુવકોના પરિવારજનોએ જણાવ્યું કે, તેઓએ છેલ્લા ૫૦ વર્ષથી વધુ સમયથી ગામમાં નદી કાંઠે આવેલી જમીનમાં વાવેતર કરે છે. આ જમીન પંચાયતની હોય જેથી તેઓ માસિક ભાડું પણ ચૂકવી છે. વાડીની બાજુમાં નદી કિનારે કેટલાક જમીન માફિયાઓએ લીઝ મેળવી ખોદકામ શરૂ કર્યું હોય જે બાદ છેલ્લા એક મહિનાથી કેટલાક શખસો તેમની વાડીએ આવતા અને તે જમીન પણ લોઝમાં હોય જેથી ખાલી કરવાનું કહેતા. સમગ્ર ઘટના અંગે વાંકાનેર તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધોરાજીના બહારપુરા પાંચ પીરવાડી કોલેરાગ્રસ્ત વિસ્તારમાં કામ કરતી આશા વર્કર બેભાન

## આશા વર્કરો બહેનોને પુરતી સવલત ન અપાતી હોવાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજીમાં બહાર પુરાં પાંચ પીર વાડી વિસ્તારમાં કોલેરા ગ્રસ્ત વિસ્તારમાં આશા વર્કર બને કામગીરી કરતી વેળા બેભાન થયાં અને સારવ-ાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. ધોરાજી માં થોડાક દિવસો થી ધોરાજી ના બહારપુરાં પાંચ પીર વાડી વિસ્તારમાં જાળા ઉલટી અને કોલેરા નાં કેસોમાં વધારો જોવા મળ્યો છે ત્યારે આ વિસ્તારને કોલેરા/ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો છે આરોગ્ય ની ટીમ સાથે ધોરાજી ની આશા વર્કર બહેનો ને પણ સાથે આ



વિસ્તારમાં કામગીરીમાં સોંપવામાં આવી રહી છે. ત્યારે આશા વર્કરા બહેનો અંદાજે ૧૨ થીં પણ વધારે આ કોલેરા ગ્રસ્ત વિસ્તારમાં કામગીરી સોંપવામાં આવી છે ત્યારે આ કામગીરી સમયે આશા વર્કર બને બેભાન થઈ જતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ધોરાજી ની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ હતા. ત્યારે આશા વર્કર બહેનો પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે નગરપાલિકા અને અન્ય કામગીરી માં આશા વર્કર બહેનો ને કામગીરી સોંપવામાં આવી રહી છે અને આશા વર્કર બહેનોનું શોષણ થઈ રહ્યું છે કોલેરા ગ્રસ્ત વિસ્તારમાં કામગીરી સમયે માસ્ક કે પીવાની પાણી ની વ્યવસ્થા કરવામાં આવતી નથી.અને જે વિસ્તારમાં તેમની નિમણૂક ન કરવામાં આવી હોય તેવા વિસ્તારોમાં કામગીરી માટે મોકલવામાં આવે છે જવાબદારી કે વેતન ફિક્સ નથી દર મહિને ૪૫૦૦ રૂપિયા મળે છે તેમ પણ રજીસ્ટર જો મેનેજ ન કર્યુ હોય ૨૦૦૦ રૂપિયા કાપી લેવામાં આવે છે ન ઘર નાં ન ઘાટના તેવી પરિસ્થિત આશા વર્કર બહેનો છે. આખાં દિવસ સુધી કામગીરી સોંપવામાં આવે છે અને જ્યારે આશા વર્કર બહેનો ની તબિયત લથડે છે તો પણ કોઈ કોઈ પણ પ્રકારની સવલત આપવામાં આવતી નથી તેવું આશા વર્કર બહેનો જણાવી રહી હતી.

# ભાવનગરના ફોરેસ્ટ અધિકારીએ પ્રેમિકાને પામવા પત્ની અને બાળકોની હત્યા કરી હોવાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગરમાં ચકચાર બચાવનાર ત્રીપલા હત્યા કેસના આરોપી ફોરેસ્ટ અધિકારી શૈલેષ ખાંભલા એ પોલીસ રિમાન્ડ દરમિયાન પોતાની પત્ની અને બાળકોની હત્યા પ્રેમિકાને પામવા કરી હોવાનું જણાવ્યું હતું.



ભાવનગર શહેરના ફોરેસ્ટ કોલોનીમાં વન વિભાગના અધિકારીએ તેની પત્ની અને બે બાળકોને હત્યા કરી લાશ ખાડામાં નાખી દીધી. હતી પોલીસે હત્યારા શૈલેષ ખાંભલાને ઝડપી કોર્ટમાંથી સાત દિવસના રિમાન્ડ મેળવ્યા છે .શૈલેષ ખાંભલાની પૂછપરછ કરતા એક મોટો ખુલાસો સામે આવ્યો છે જેમાં શૈલેષ ખાંભલાને વન વિભાગમાં ફરજ બજાવતી એક યુવતી સાથે છેલ્લા ચાર વર્ષથી પ્રેમ સંબંધ હોય જેના કારણે યુવતીને પામવા આ હત્યા કરી હોવાનું પોલીસ તપાસમાં ખુલવા પામ્યું છે. હાલ ભાવનગરની પોલીસે આ યુવતી ની અટક કરી તેની પૂછપરછ હાથ ધરી છે. આમ ભાવનગરના ક્લાસ વન અધિકારીએ પ્રેમિકાને પામવા પોતાની પત્ની તેમજ બે માસુમ બાળકોની હત્યા કરી છે. પોતાની માતા ક્યાં છે તે સવાલનો જવાબ આપવાનો ન પડે તે માટે પત્ની બાદ બે માસુમ બાળકોનો પણ ભોગ લીધો છે. આ બનાવે સમાજ માં પણ ભારે ફિટકાર વરસાવ્યો છે. આરોપી શૈલેષ ના પિતાએ પણ કડક સજા આપવા નિવેદન કર્યુ છે. સુરત ખાતે પણ આરોપી વિરુદ્ધ કડક પગલાં ભરવા અંગે રેલી યોજાઈ હતી.

# ઊનાનાં કેસરીયા ગામે બોલેરોએ બે બાઈકને ઠોકર મારતા બે સગા ભાઈ સહિત ૩ના મોત થયા

## સોનારા ગામે સસરાના ઘરે જમીને પરત આવતા અકસ્માત સર્જાયોઃ બાઈકને ધડાકાભેર ટક્કર મારતા ત્રણેયનું ઘટના સ્થળે જ પ્રાણ પંખેરૂ ઉડી ગયું

**મુખ્ય સમાચાર, ઉના**

ઊના તાલુકાના કેસરીયા ગામ નજીક રાત્રે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બે બાઈકને એક પૂરપાટ જતી બોલેરોએ અડફેટે લેના બે સગા ભાઈ સહિત ત્રણ વ્યકિતના મોત નિપજયા હતા. બોલેરોએ બાઈકને ધડાકાભેર ટક્કર મારતા ત્રણેયનું ઘટના સ્થળે જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતુ.

ઊનાના કેસરિયા ગામથી સોનારી ગામની વચ્ચે ત્રીપલ અકસ્માતમાં ત્રણ જણના મૃત્યુ થયા છે જેમાં નાથળ ગામના ભીખાભાઈ નારણભાઈ દમણીયા જે તેમના સસરાનન ઘરે સોનાલી ગામે જમવા ગયા હતા ત્યાંથી જમીને પરત આવતા હતા તે દરમિયાન અજાણ્યા બોલેરોએ હડફેટે લેતા ભીખાભાઈ દમણીયા અને તેમની સાથે બીજી બાઈક સવાર જે કેસરિયાના રહેવાસી છે બે સગાભાઈઓ હિતેશભાઈ જગદીશભાઈ સિંગડ(ઉ.વ.૨૦) અને પરિમલ જગદીશ ભાઈ સીંગડ(ઉ.વ.૧૧) જે બંને કેસરિયા ગામથી તેમના



ખેતરે જતા હતા. આ અકસ્માતમાં ત્રણે ત્રણનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું છે. ઘટના સ્થળે કોઈ બોલેરો ગાડીનું આગળનું ડમ્ફર પડયું હોય એવું જણાય આવે છે એટલે બની શકે કે કોઈ બોલેરો એને અડફેટે લીધા હોઈ શકે. હાલ તો આ બે પરિવારો પર વજઘાત પડયો છે. ભીખાભાઈને બે સંતાનો છે અને ઘરની સંપૂર્ણ જવાબદારી તેની ઉપર છે જયારે કેસરિયાના આ બંને ભાઈઓઅચાનકડી વાડીએ જતા હોય અને ત્યારે જ પૂરઝડપે વાહન ચલાવીને રાહદારીઓનું અકસ્માતે મૃત્યુ થતાં કેસરિયા અને આજુબાજુ અને ઉના પંથકમાં એક શોકનું મોજુ ફેલાઈ ગયું છે.